MANOGAT • Year-40 • Issue-3 • 10 May 2021 • Chaitra Vad 14, Samva 2077 • Yugabd 5123 • Price : Rs. 5/- • Pages : 28





૯ મે - રાણા પ્રતાપ જન્મદિન

# મનોગત

માની લો કે
આપણું શરીર
સશક્ત છે,
ચારિત્ર્ય ઉજ્જ્વળ
અને મેધાશક્તિ
તીવ્ર છે,
પરંતુ વિપત્તિમાં
ધૈર્યનો અભાવ છે
તો શો લાભ ?

## ભાજપાના કાર્યકરોનો અભૂતપૂર્વ સેવાયજ્ઞ




**આપણે ઉત્તમ રીતે સમાજસેવા ત્યારે જ કરી શકીએ
જ્યારે સેવાભાવમાં અનાયાસે પ્રગટ થતાં
અહમ્ અથવા આત્મપ્રશંસાનું પણ કોઈ સ્થાન ન હોય**


**- માધવરાવ સદાશિવરાવ ગોળવલકર (પૂ. ગુરુજી)**

# કોરોના મહામારીમાં પ્રદેશ પ્રમુખ શ્રી સી. આર. પાટીલની આગેવાનીમાં રાજ્યભરમાં ઠેર ઠેર આરંભાયેલા સેવાયજ્ઞની તસવીરો





Year : 40, Issue : 3, Pages : 28



## તંત્રીસ્થાનેથી

# ભાજપાનો સેવાયજ્ઞ

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

આપણે સૌ જાણીએ છીએ કે, આપણા અનેક કાર્યકર્તાઓ કોરોના મહામારીમાં પોતાની જાતની પણ પરવા કર્યા વિના દિવસ-રાત સેવામાં રત છે.

કોઈ ટિફિનો પહોંચાડે છે તો કોઈ દવાઓ. કોઈ ઓક્સિજન પહોંચાડે છે તો કોઈ ઓક્સિજનનો નવો પ્લાન્ટ તાત્કાલિક લગાવી દર્દીને ‘જીવન’ પહોંચાડવા કટિબદ્ધ છે. કોઈએ અનેક આઈસોલેશન બેડ તૈયાર કરાવ્યા તો કોઈએ આઈસીયુની વ્યવસ્થાઓ કરાવી.

સૌના મનમાં એક જ ભાવ છે કે મારાથી જે કંઈ પણ થઈ શકે તે હું કરું.

ખબર નથી આ આપદાની દવા કઈ છે ?

ખબર છે એટલી ‘માનવતા’ની હાકલ પડી છે.

સેવાવ્રતનું એક સાથીવ્રત - મૌનવ્રત.

માત્ર દરિયાકિનારે નહીં આખા દેશમાં - વિશ્વમાં આવેલી સુનામી જેવી આ આપદામાં કોઈએ પોતાના સ્વજન ગુમાવ્યા હોય, કોઈને મુશ્કેલીઓ પડી હોય, કોઈ જગ્યાએ વ્યવસ્થાઓમાં ત્રુટી રહી ગઈ હોય ત્યારે કોઈનો રોષ કે નારાજગી હોવી પણ સ્વાભાવિક છે. આવા સમયે આપણે આપણી સંસ્કૃતિ પ્રમાણે વાદવિવાદમાં ન પડીને આપણા સેવાકાર્ય તરફ જ કેન્દ્રિત થઈને આપણું કર્મ કરતા રહીએ.

કોઈએ સાચું જ કહ્યું છે કે - ન શબ્દ, ન ચર્ચા, ન વિવાદ, ન વ્યથા - આપણો તો મંત્ર બસ દર્દીનું જીવન બચાવવા કરીએ તમામ વ્યવસ્થા.

આપણું ધ્યેય - આયુષ્યમાન ભારત.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ


પત્રવ્યવહાર કાર્યાલય

**મનોગત પાક્ષિક**

ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., ‘ઑફસેટ હાઉસ’ સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.,** ‘Offset House’, Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



# ભારતીય જનતા પાર્ટીનો પ્રત્યેક કાર્યકર જનસેવાની કામગીરી યુદ્ધના ધોરણે કરી રહ્યો છે

## નવસારી ખાતે ઑક્સિજન પ્લાન્ટની શરૂઆત

ભારતીય જનતા પાર્ટી પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલના માર્ગદર્શન હેઠળ નવસારી ખાતે આનંદ દેસાઈ અનુપમ રસાયણ ઇન્ડિયા લિમિટેડ દ્વારા નમો કોવિડ કેર સેન્ટર ખાતે ઑક્સિજન પ્લાન્ટની શરૂઆત કરવામાં આવી હતી. આ ઑક્સિજન પ્લાન્ટ કાર્યરત થઈ જતાં શ્રી સી. આર. પાટીલના માર્ગદર્શન હેઠળ શરૂ થયેલ નમો કોવિડ સેન્ટરને ઑક્સિજનની જરૂરિયાત પૂર્ણ કરશે. આવા કપરા સમયમાં ઑક્સિજન પ્લાન્ટ સાથેના આવા સેન્ટરની શરૂઆત દર્દીઓ માટે આશીર્વાદરૂપ બની રહેશે. આ માટે શ્રી પાટીલે અગ્રવાલ એજ્યુકેશન ફાઉન્ડેશન તેમજ સોહમ માનવ કલ્યાણ ટ્રસ્ટનો પણ આભાર માન્યો હતો. આ સમયે ધારાસભ્ય શ્રી હર્ષ સંઘવી સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.





## દ્વારકા ખાતે ૧૦૦ બેડના કોરોના આઇસોલેશન સેન્ટરનું ઉદ્‌ઘાટન કરતા શ્રી સી. આર. પાટીલ

તા. ૨૯ એપ્રિલના રોજ ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ દ્વારકા ખાતે શ્રી પબુભા માણેક દ્વારા શરૂ કરવામાં આવેલ કોરોના આઈસોલેશન સેન્ટરની મુલાકાત લીધી તેમજ ખંભાળિયા ખાતે ટાઉનહૉલમાં કોવિડ કેર આઈસોલેશન સેન્ટરની મુલાકાત લીધી તે બાદ ભાજપ પરિવાર આયોજિત રક્તદાન કેમ્પની પણ મુલાકાત લીધી. ત્યારબાદ જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે વેક્સિનેશન માટે શરૂ કરવામાં આવેલ કૉલ સેન્ટરની મુલાકાત લીધી.



અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ દ્વારા જણાવવામાં આવ્યું કે, દેશ અને દુનિયામાં કોરોનાનો હાહાકાર મચેલો છે પરંતુ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીજીની દૂરંદેશીથી અન્ય દેશોની સરખામણીમાં ભારત દેશની વસ્તી વધુ હોવા છતાં આપણે હજુ સલામત રહી શક્યા છીએ. કોરોનાએ ઘણા લોકોને નુકસાન પહોંચાડયું છે પરંતુ નરેન્દ્ર મોદીજીના દૂરંદેશી નિર્ણયથી મૃત્યુદર એકથી દોઢ ટકાની આસપાસ રહ્યો છે. દર્દીઓને તાત્કાલિક સારવાર મળી જાય છે અને રિકવરી પણ ઝડપથી થઈ જાય છે.

શ્રી સી. આર. પાટીલે વધુમાં જણાવ્યું કે, ગુજરાત રાજયમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તેમજ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં સમગ્ર રાજયભરમાં રેમડેસિવિર, ઑક્સિજન



સહિતની તમામ સવલતો પૂરી પાડવામાં આવી રહી છે, સાથે ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યો, સંસદ સભ્યો, આગેવાનો તેમજ ચૂંટાયેલા પ્રતિનિધિઓ સંગઠનને સાથે રાખીને લોકોની મદદ લઈને દરેક વિધાનસભા વિસ્તારમાં ઓછામાં ઓછા ૧૦૦ બેડના આઈસોલેશન સેન્ટર શરૂ કરવામાં આવ્યાં છે. જે રીતે સૂચન કરવામાં આવ્યું હતું તેના પરિણામસ્વરૂપ પબુભા માણેકના સ્વ. પિતાશ્રીના નામે ૧૦૦ બેડનું આઈસોલેશન સેન્ટર દ્વારકા ખાતે શરૂ કરવામાં આવ્યું છે.

## સુરત શહેર ભારતીય જનતા પાર્ટી અને મુક્તિ તિલક ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે કોરોના કવચ યોજનાનો શુભારંભ કરાવતા શ્રી સી. આર. પાટીલ

સુરત શહેર ભારતીય જનતા પક્ષ અને મુક્તિ તિલક ફાઉન્ડેશન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે કોરોના મહામારીના આ કપરા કાળ દરમિયાન ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલના નામે શ્રી સી. આર. પાટીલ કોરોના કવચ વીમા યોજનાનો સુરત શહેર ખાતે શુભારંભ કરવામાં આવ્યો છે. આ વીમા યોજનાનો લાભ સુરત શહેરના નાગરિકોને મળનાર છે, જેમાં લાભાર્થીએ તારીખ ૧લી મે થી ૫મી મે ૨૦૨૧ સુધીમાં ઓનલાઇન પોલિસી લેવાની રહેશે. આ દરમિયાન લાભાર્થીઓએ લીધેલ પોલિસીનું પહેલું પ્રીમિયમ મુક્તિ તિલક ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ચૂકવવામાં આવશે, જેના માટેનો




ખર્ચ અંદાજે રૂપિયા અઢીથી ત્રણ કરોડ જેટલો થવા જાય છે.

કોરોના મહામારીના આવા કપરા કાળમાં પણ ભારતીય જનતા પાર્ટી અને રાજ્ય સરકારની સત્તાના માધ્યમ થકી સેવાકીય કામગીરી ઉપર વિશ્વાસ રાખી રાજ્યમાં કાર્યરત વિવિધ ટ્રસ્ટો એનજીઓ અને જનતા જનાર્દન પોતાની કાર્યક્ષમતા મુજબ તન, મન અને ધન દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓ કરે છે તેના માટે ભાજપાના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલે આભાર વ્યક્ત કર્યો હતો, અને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ખૂબ જ ટૂંકા સમયગાળા દરમિયાન મારું રાજ્ય કોરોનામુક્ત રાજ્ય વેક્સિનેશન રાજ્ય બનીને રહેશે. મુક્તિ તિલક ફાઉન્ડેશનના ચેરમેન અને ભાજપાના પ્રદેશ કારોબારી સભ્ય શ્રી સુરેશભાઈ શાહ તેમજ સમગ્ર જૈનસમાજ અને એમના અગ્રણીઓને અનેકગણાં અભિનંદન પાઠવું છું.

સાંસદ શ્રીમતી દર્શનાબહેન જરદોશ, ધારાસભ્ય શ્રીમતી સંગીતાબહેન પાટીલ, ધારાસભ્યશ્રી હર્ષભાઈ સંઘવી, શ્રી અરવિંદભાઈ રાણા, સુરત શહેર ભાજપા અધ્યક્ષ શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, મેયર શ્રીમતી હેમાલીબહેન બોઘાવાલા, ડે.મેયર શ્રી દિનેશભાઈ જોધાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી પરેશભાઈ પટેલ, શાસક પક્ષના નેતા શ્રી અમિતસિંહ રાજપૂતજી, સુરત શહેર ભાજપ મહામંત્રી શ્રી કિશોરભાઈ બિંદલ તથા હોદ્દેદારશ્રીઓ અને કાર્યકર્તાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કોરોના મહામારીનો આ સમય રાજનીતિ છોડી સાથે મળી જનતાની સેવા કરવાનો સુવર્ણ-અવસર છે

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે દરેક કાર્યકરોને સેવાકીય પ્રવૃત્તિમાં વ્યસ્ત બનવા આહ્‌વાન કરેલ છે ત્યારે ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ જ નહીં પરંતુ પૂર્વ જનપ્રતિનિધિઓ પણ આ સેવાકીય પ્રવૃત્તિમાં વ્યસ્ત બન્યા છે.

કોંગ્રેસ કે અન્ય રાજકીય પાર્ટીના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ માત્ર ગ્રાન્ટ ફાળવણી કરી છૂટી ગયા છે.



દેશ અને દુનિયા આજે કોરોના મહામારી સામે લડત આપી રહ્યાં છે ત્યારે ભારતીય જનતા પાર્ટીના ચૂંટાયેલા તમામ જનપ્રતિનિધિઓ અને કાર્યકરો પોતાના સ્વાસ્થ્યની કે પરિજનોની ચિંતા કર્યા વગર સેવાકીય પ્રવૃત્તિઓમાં વ્યસ્ત બન્યા છે. ભારતીય જનતા પાર્ટીના જનપ્રતિનિધિઓ કોરોનાગ્રસ્ત પરિવારોને મેડિકલની સુવિધામાં કે તેમના પરિજનોને ભોજનની સુવિધામાં કોઈપણ જાતની તકલીફોનો સામનો ન કરવો પડે તે માટે પોતાની કાર્યક્ષમતા મુજબ આઈસોલેશન સેન્ટર ઊભાં કરવા કે નિઃશુલ્ક ભોજન-વ્યવસ્થા ઊભી કરવામાં સફળ રહ્યા છે.

કોરોના મહામારીનો આ સમય રાજનીતિ છોડી સાથે મળી જનતાની સેવા કરવાનો આ સુવર્ણ-અવસર છે ત્યારે ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે દરેક કાર્યકરોને સેવાકીય પ્રવૃત્તિમાં વ્યસ્ત બનવા આહ્‌વાન કરેલ છે. આ સમયમાં માત્ર ભારતીય જનતા પાર્ટીના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ જ નહીં પરંતુ પૂર્વ જનપ્રતિનિધિઓ પણ આ સેવાકીય પ્રવૃત્તિમાં વ્યસ્ત બન્યા છે, જ્યારે કોંગ્રેસ કે અન્ય રાજકીય પાર્ટીના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ માત્ર ગ્રાન્ટ ફાળવણી કરી છૂટી ગયા છે અને મહામારીના આવા કપરા કાળમાં સેવાકીય પ્રવૃત્તિઓમાં ક્યાંય નજરે ચડતા નથી ત્યારે વિરોધપક્ષના પૂર્વ જનપ્રતિનિધિઓની ચિંતા તેમનો પક્ષ પણ કરતો નથી અને સેવાકીય પ્રવૃત્તિઓમાં પણ તેમની કોઈ સામેલગીરી દેખાતી નથી.

•


## કોંગ્રેસ અને તમામ વિપક્ષી દળો આવા કપરા કાળમાં પણ જનતાની સેવા કરવાનો અવસર ચૂકી રહ્યાં છે - શ્રી સી. આર. પાટીલ



સમગ્ર દેશ અને દુનિયા કોરોના મહામારી સામે લડી રહ્યાં છે, ત્યારે રાજ્યની ભારતીય જનતા પાર્ટીનો નાનામાં નાનો કાર્યકર અને રાજ્ય સરકાર જનસેવા કરવાની પ્રાથમિક ફરજ સમજી યુદ્ધના ધોરણે કામગીરી કરી રહ્યાં છે. ભારતીય જનતા પાર્ટીનો દરેક કાર્યકર ગ્રામ્ય કક્ષા અને બુથ કક્ષા સુધી જરૂરિયાત મુજબની સેવાઓ ઉપલબ્ધ કરાવવા કટિબદ્ધ બની કાર્ય કરી રહ્યો છે. રાજ્ય સરકાર પણ આ મહામારી સામે રાજ્યની જનતા જનાર્દનને શક્ય તેટલી ઓછી તકલીફોનો સામનો કરવો પડે તે માટે અવિરત નિર્ણયો કરી, ખૂટતી જરૂરી સુવિધાઓ જ્યાંથી મળે ત્યાંથી ઉપલબ્ધ કરાવવા માટે સતત પ્રયત્નો કરી રહી છે. રાજ્ય સરકાર અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોની અથાગ મહેનતને જનતા જનાર્દન નિહાળી રહી છે, અને તેમાં શક્ય તેટલો જેમ કે, આઈસોલેશન સેન્ટરો ઊભાં કરવાં, ઑક્સિજન પ્લાંટ નાંખવા, નિઃશુલ્ક ઑક્સિજનનાં સિલિન્ડરો ભરી આપવાં, દવાઓ પૂરી પાડવી, ભોજનની વ્યવસ્થા ઊભી કરવી જેવાં કાર્યો કરી સહકાર પણ આપી રહી છે અને એટલા માટે જ કહેવાયું છે કે, ‘‘આપત્તિને અવસરમાં પલટી શકે તે ગુજરાતી’’.


ગુજરાત રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ કોરોના મહામારીના સમયમાં રાજ્યની હોસ્પિટલોમાં અને હોસ્પિટલોની બહાર ઊભી થતી કોવિડ હોસ્પિટલોમાં દર્દીઓને તકલીફોનો સામનો ન કરવો પડે તે માટે ગુજરાત રાજ્યના તમામ ધારાસભ્યોને તેમની મળતી ગ્રાન્ટનો ઉપયોગ રૂ. ૨૫ લાખની મર્યાદામાં હોસ્પિટલોને સંલગ્ન મશીનરી ખરીદવા માટેની પરવાનગી આપી છે. રાજ્ય સરકારના આવા સંવેદનશીલ નિર્ણયથી રાજ્યના દરેક ધારાસભ્યશ્રીઓ હવે પોતાના વિસ્તારની હોસ્પિટલોમાં ખૂટતી મશીનરી ખરીદી જનસુખાકારીમાં વધારો કરાવી શકશે.

રાજ્ય સરકારના આવા સંવેદશનશીલ નિર્ણયને ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલે આવકાર્યો છે. તેમણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારનો આ નિર્ણય સાબિત કરી આપે છે કે, ગુજરાત રાજ્યની રાજ્ય સરકાર સાચા અર્થમાં સંવેદનશીલ સરકાર છે, અને સત્તાના માધ્યમથી સેવા કરી રહી છે, રાજ્યની જનતા આ બધું જ નિહાળી રહી છે અને અનુભવી રહી છે, જ્યારે કોંગ્રેસ અને તમામ વિપક્ષી દળો આવા કપરા કાળમાં પણ જનતાની સેવા કરવાનો અવસર ચૂકી રહી છે, અને જે લોકો સેવા કરે છે, તેનો વિરોધ કરી માત્ર ને માત્ર રાજનીતિ કરી રહી છે.





# કોરોના સંદર્ભે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા લેવાયેલા મહત્ત્વપૂર્ણ નિર્ણયો



**૧૬-૦૩-૨૦૨૧**

- કોરોનાના વધતા સંક્રમણને ધ્યાનમાં રાખીને ગુજરાતનાં ચાર મહાનગરો અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં ૧૭ માર્ચથી રાતના ૧૦.૦૦ વાગ્યાથી સવારના ૬.૦૦ વાગ્યા સુધી નાઈટ કર્ફ્યુ.

**૧૭-૦૩-૨૦૨૧**

- રાજ્યમાં ચાર મહાનગરોમાં સ્થિતિની સમીક્ષા કરવા માટે વરિષ્ઠ સચિવોને જવાબદારી સોંપવામાં આવી.
- કોરોના વેક્સિનેશન સેન્ટર્સની સંખ્યા વધારવાનો નિર્ણય અને વેક્સિનેશન-સેન્ટરનો સમય વધારીને રાતના ૯.૦૦ વાગ્યા સુધી કરવાનો નિર્ણય.

**૧૮-૦૩-૨૦૨૧**

**કોલેજ અને યુનિવર્સિટી માટે લેવામાં આવેલા નિર્ણયો**

- ૧૯ માર્ચથી ૧૦ એપ્રિલ સુધી ગ્રેજ્યુએશન સ્તરની ઓફલાઈન પરીક્ષા પોસ્ટપોન્ડ કરવામાં આવી. ૧૦ એપ્રિલ સુધી તમામ પ્રકારનું શિક્ષણ ઓનલાઈન કરવાનો નિર્ણય.
- માસ્ટર ડિગ્રી અને પી. જી. પરીક્ષાઓ માટે ઓફલાઈન ક્લાસિસ અને પ્રેક્ટિકલ ચાલુ રાખવાનો નિર્ણય. રાજ્યની તમામ સરકારી અને પ્રાઈવેટ યુનિવર્સિટીઓ માટે આ નિર્ણય લાગુ કરવામાં આવ્યો.

**પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલો માટે લેવામાં આવેલા નિર્ણયો**

- રાજ્યનાં આઠ મહાનગરોમાં ૧૯ માર્ચથી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં ઓફ લાઈન શિક્ષણ બંધ. ૧૦ એપ્રિલ સુધી ઓનલાઈન શિક્ષણ અને હોમ લર્નિંગ.
- રાજ્યના અન્ય વિસ્તારોમાં સ્વૈચ્છિક રૂપથી સ્કૂલ આવનારા વિદ્યાર્થીઓ માટે ઓફલાઈન શિક્ષણ ચાલુ રહેશે.
- પ્રથમ પરીક્ષા નિર્ધારિત સમય મુજબ ૧૯ માર્ચથી ૨૭ માર્ચ દરમ્યાન ઓફલાઈન લેવાનો નિર્ણય.

**૧૯-૦૩-૨૦૨૧**

- રાજ્યની ૮ મહાનગરપાલિકા વિસ્તારોમાં ટ્યુશન ક્લાસિસ તાત્કાલિક રૂપથી બંધ કરવામાં આવ્યા. ૧૦ એપ્રિલ સુધી પ્રાઈવેટ ટ્યૂશન ક્લાસિસ બંધ રાખવાનો નિર્ણય.

**૨૩-૦૩-૨૦૨૧**

- રાજ્યના ભિક્ષુક ગૃહ, વૃદ્ધાશ્રમ અને દિવ્યાંગ કલ્યાણ સંસ્થાઓમાં રહેનારા ૪૫ વર્ષથી વધુ ઉંમરના અને કો-મોર્બિડ એટલે ગંભીર બીમારીવાળા લોકોને આધાર કાર્ડ વગર વેક્સિનેશન કરવાનો સંવેદનશીલ નિર્ણય.
- આવી સંસ્થાઓમાં રહેનારા ૬૦ વર્ષથી વધુ ઉંમરના વડીલોની પાસે આધાર કાર્ડ ન હોય તો પણ તેમને વેક્સિન આપવાનો સંવેદનશીલ નિર્ણય.

**૩૦-૦૩-૨૦૨૧**

- ચાર મહાનગરોમાં રાત્રિ કર્ફ્યુને ૧૫ એપ્રિલ સુધી વધારવાનો નિર્ણય, રાત્રી કર્ફ્યુ રાતના ૯.૦૦ વાગ્યાથી સવારના ૬.૦૦ વાગ્યા સુધી વધારવામાં આવ્યો.
- ભારત સરકારની કોવિડ-૧૯ સંક્રમણથી સંબંધિત ગાઈડ-લાઈન્સનો અમલીકરણ ૩૦ એપ્રિલ સુધી વધારવાનો નિર્ણય.

**૩૧-૦૩-૨૦૨૧**

- રાજ્યના ફિક્સ પગારના સરકારી કર્મચારી અને કોન્ટ્રાક્ટેડ કર્મચારીઓ માટે સંવેદનશીલ નિર્ણય.
- જો આવા કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થાય તો તેમને ૧૦ દિવસની વિશેષ રજા આપવામાં આવશે.



- કોઈ સરકારી કર્મચારીની પાસે ૧૦ દિવસની રજા જમા નથી તો પણ તેમને વિશેષ રજા આપવામાં આવશે.
- ૧૦ દિવસની આ રજાનો લાભ તમામ પ્રકારના સરકારી કર્મચારીઓને આપવામાં આવશે.

**૦૧-૦૪-૨૦૨૧**

- અમદાવાદ, સુરત અને કચ્છ જેવા જિલ્લાઓમાં વસવાટ કરતા ૪૫થી વધુ ઉંમરના પરપ્રાંતિય લોકોને પણ કોરોના વેક્સિનેશન અભિયાન અંતર્ગત કવર કરવાનો નિર્ણય

**૦૩-૦૪-૨૦૨૧**

- કોરોનાના વધતા સંક્રમણને ધ્યાનમાં રાખતાં સમગ્ર રાજ્યમાં ધોરણ ૧થી ૯ની તમામ સ્કૂલોમાં ૫ એપ્રિલથી લઈને અન્ય સૂચના અથવા આદેશ ન મળવા સુધી શિક્ષણકાર્ય બંધ રાખવાનો નિર્ણય.
- રાજ્યની તમામ સરકારી અને પ્રાઈવેટ સ્કૂલો માટે આ નિર્ણય લાગુ કરવામાં આવ્યો.
- ઓનલાઇન શિક્ષણકાર્ય ચાલુ રાખવાનો નિર્ણય.
- રાજ્યભરમાં માસ્ક પહેરવું જરૂરી, માસ્ક ન પહેનાર વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાનો તમામ જિલ્લાના પોલીસ અધિક્ષક અને પોલીસ કમિશનરો તેમજ રાજ્યના પોલીસ મહાનિદેશકને સૂચના.
- માસ્ક ન પહેરનાર વિરુદ્ધ કડક કાર્યવાહી કરીને રૂપિયા ૧૦૦૦નો દંડ વસૂલ કરવાનો નિર્ણય.

**૦૫-૦૪-૨૦૨૧**

- કોરોનાના દર્દીઓને પૂરતી માત્રામાં ઑક્સિજન મળી શકે તેના માટે રાજ્યના ઑક્સિજન ઉત્પાદકોને પોતાના ઉત્પાદનનો ૬૦ ટકા સપ્લાય સ્વાસ્થ્ય ક્ષેત્રમાં આપવાનો નિર્ણય.
- રાજ્યનાં ૮ મોટાં મહાનગરોમાં ૫૦૦-૫૦૦ બેડ્સના કોવિડ કેર સેન્ટર્સ શરૂ કરવા માટે અને તેના સુપરવિઝન અને સંકલન માટે ૮ IAS- IFS અધિકારીઓને વિશેષ જવાબદારી સોંપવામાં આવી.
- પ્રાઈવેટ નર્સિંગ હોમ અને ક્લિનિક્સ આઈસીયુ અથવા વેન્ટિલેટરની સુવિધા ઉપરાંત ડેડિકેટેડ કોવિડ હેલ્થ સેન્ટર એને ડેડિકેટેડ કોવિડ કેર સેન્ટર શરૂ કરી શકશે.
- કોવિડ હેલ્થ સેન્ટર માટે પ્રતિદિન ૨ હજાર રૂપિયા અને કોવિડ કેર સેન્ટર માટે પ્રતિદિન ૧૫૦૦ રૂપિયાનો ચાર્જ, આ ચાર્જમાં રેમેડેસિવિર ઇન્જેક્શનની કિંમતનો સમાવેશ નહીં થાય.
- સોલા સિવિલ હોસ્પિટલ, અમદાવાદ, એસવીપી હોસ્પિટલ, અમદાવાદ અને ગુજરાત કેન્સર સોસાયટી અને એલ.જી.હોસ્પિટલમાં આવનારા કોરોના સંક્રમિતો માટે નો પ્રોફિટ - નો લોસના બેઝિક પર રેમેડેસિવિર ઇન્જેક્શન્સ ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય.
- રાજ્યના તમામ APMC અને અમૂલ પાર્લરમાં ટ્રિપલ લેયર માસ્ક ૧ રૂપિયાની કિંમત પર તમામ નાગરિકોને ઉપલબ્ધ થશે.

**૦૬-૦૪-૨૦૨૧**


- રાજ્યના ૨૦ મહાનગરોમાં ૭ એપ્રિલથી લઈને ૩૦ એપ્રિલ સુધી રાત્રીના ૮.૦૦ વાગ્યાથી સવારના ૬.૦૦ વાગ્યા સુધી રાત્રી કર્ફ્યૂ.
- ૩૦ એપ્રિલ સુધી તમામ રાજકીય અને સામાજિક સંમેલનો બંધ, લગ્નમાં ફક્ત ૧૦૦ લોકોને મંજૂરી.
- સરકારી ઓફિસોમાં કોરોનાનું સંક્રમણ રોકવા માટે એપ્રિલ મહિનાથી ચારેય શનિ-રવિ રજા રાખવાનો નિર્ણય.
- રાજ્યના સચિવોને પણ જિલ્લામાં પ્રભારી તરીકે જવાબદારી સોંપવામાં આવી.
- અત્યાર સુધી ૭૦ ટકા ઑક્સિજન કોરોનાના સંદર્ભમાં સ્વાસ્થ્ય ક્ષેત્ર માટે અનામત રાખવાનો નિર્ણય.

**૧૧-૦૪-૨૦૨૧**

- કોરોનાના વધતા સંક્રમણને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્યની સરકારી અને પ્રાઈવેટ કોલેજમાં ઓફલાઇન શિક્ષણકાર્ય ૩૦ એપ્રિલ સુધી બંધ રાખવાનો રાજ્ય સરકારનો નિર્ણય.

**૧૩-૦૪-૨૦૨૧**

- ભારત સરકાર અને DEDOના સહયોગથી અમદાવાદના યુનિવર્સિટી કન્વેશન સેન્ટરમાં ૯૦૦ બેડ્સની કોવિડ કેર હોસ્પિટલ કાર્યરત કરવાનો નિર્ણય.
- ઑક્સિજન સુવિધાની સાથે આ હોસ્પિટલમાં ૧૫૦ આઈસીયુ બેડ્સ બનાવવાનો નિર્ણય.



- જરૂરત પડવા પર વધારાના ૫૦૦ બેડ્સની વ્યવસ્થા પણ થઈ શકશે.

**૧૫-૦૪-૨૦૨૧**

- કોરોનાની પ્રવર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને ધોરણ – ૧૦ અને ધોરણ – ૧૨ની બોર્ડની પરીક્ષા સ્થગિત કરવાનો રાજ્ય સરકારનો નિર્ણય.
- ૧૫ મે સુધી સ્થિતિની સમીક્ષા કરીને પરીક્ષાની નવી તારીખની ઘોષણા કરવાનો નિર્ણય.
- ધોરણ ૧ થી ૯ અને ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાનો નિર્ણય.
- ધોરણ ૧ થી ૧૨માં ઓફલાઈન શિક્ષણ એટલે વર્ગખંડમાં શિક્ષણ ૧૦ મે સુધી અથવા અન્ય આદેશ ન મળવા સુધી બંધ રાખવાનો નિર્ણય.

**૧૬-૦૪-૨૦૨૧**

- HRCT સિટી સ્કેનની મહત્તમ કિંમત રૂપિયા ૩૦૦૦ નિર્ધારિત કરવામાં આવી.
- જો કોઈપણ ડાયાગ્નોસ્ટિક સેન્ટર અથવા લેબોરેટરી HRCT સિટી સ્કેનની નિર્ધારિતથી વધારે કિંમત લેશે તો તેમના વિરુદ્ધ કડકથી કડક કાર્યવાહી કરવાનો નિર્ણય.
- કોરોના મહામારી દરમ્યાન નિષ્ઠાપૂર્વક પોતાની ડ્યૂટી કરવા માટે ઈન્ટર્નર્સ અને રેસિડન્ટ ડોક્ટર્સને ૩૦ જૂન, ૨૦૨૧ સુધી રૂપિયા ૫૦૦૦ પ્રતિ માસનું કોવિડ ઈન્સેન્ટિવ અલાઉન્સ આપવાનો ગુજરાત સરકારનો નિર્ણય.

**૧૭-૦૪-૨૦૨૧**

- રાજ્ય સરકારે નિર્ણય કર્યો કે કુંભ મેળામાં ગયેલા ગુજરાતના તમામ શ્રદ્ધાળુ જ્યારે પાછા આવશે ત્યારે તેમને ગામડાંઓમાં સીધો પ્રવેશ આપવામાં આવશે નહીં.
- તમામ લોકોનો RT-PCR કરવામાં આવશે.
- જે લોકો સંક્રમિત થયા હશે તેમને ૧૪ દિવસ આઈસોલેશનમાં રાખવામાં આવશે.

**૨૪-૦૪-૨૦૨૧**

- રાજ્યના વાહનચાલકો માટે રાજ્ય સરકારે કર્યો મહત્ત્વપૂર્ણ નિર્ણય.
- જરૂરી દસ્તાવેજ સાથે ન હોય તેવા વાહનચાલકો પાસેથી દંડ વસૂલવાનો નિર્ણય.
- ટુ વ્હીલર અને થ્રી વ્હીલર માટે રૂપિયા ૫૦૦ અને ફોર વ્હિલર માટે રૂપિયા ૧૦૦૦ દંડ વસૂલવામાં આવશે.
- આરટીઓના નિયમ અનુસાર ગુનાઓમાં જપ્ત થયેલા વાહનોને છોડાવવામાં ઘણો સમય લાગે છે, જેને દૂર કરવા માટે મુખ્યમંત્રીશ્રીએ આ નિર્ણય લીધો.

**૨૫-૦૪-૨૦૨૧**

- ૧ મેથી ૧૮ વર્ષથી વધુની ઉંમરવાળાઓના વેક્સિનેશન માટે રાજ્ય સરકારે ૧.૫ કરોડ વેક્સિનનો ડોઝ સુનિશ્ચિત કર્યો.
- પૂનાની સિરમ ઈન્સ્ટિટ્યૂટને ૧ કરોડ કોવિશિલ્ડનો ડોઝ અને હૈદરાબાદની ભારત બાયોટેકને ૫૦ લાખ કોવેક્સિનના ડોઝ માટે ઓર્ડર આપવામાં આવ્યો.
- ૧ મેથી રાજ્યના યુવાઓને નિઃશુલ્ક વેક્સિન આપવાનો રાજ્ય સરકારનો નિર્ણય.

**૨૬-૦૪-૨૦૨૧**

- રાજ્યમાં કોરોના વાઈરસના નિયંત્રણ માટે નાગરિકોની રોગપ્રતિકારક શક્તિ વધારવાના હેતુથી ૬૦ હજાર કિ.ગ્રા. આયુર્વેદિક દવાઓ અને હોમિયોપથિક દવાઓનો ૧૦ લાખ ડોઝને રાજ્યવ્યાપી વિતરણ કરવાનો નિર્ણય.
- ૨૯,૭૦૦ કિ.ગ્રા. ઉકાળો અને ૩૦ હજાર કિ.ગ્રા. સંશમની વટી અને ઓર્સેનિક આલ્બમના ૧૦ લાખ ડોઝનું વિતરણ

**૨૭-૦૪-૨૦૨૧**

- રાજ્યનાં ૨૦ મહાનગરોના ઉપરાંત હિંમતનગર, પાલનપુર, નવસારી, વલસાડ, પોરબંદર, બોટાદ, વિરમગામ, છોટા ઉદેપુર અને વેરાવળ-સોમનાથ સહિત કુલ ૨૯ શહેરોમાં રાતના ૮.૦૦ વાગ્યાથી સવારના ૬.૦૦ વાગ્યા સુધી કર્ફ્યૂનો નિર્ણય.
- આ ૨૯ શહેરોમાં વધારાના નિયંત્રણ લાગુ કરવાનો નિર્ણય. આ નિયંત્રણ ૨૮ એપ્રિલથી ૫ મે સુધી લાગુ રહેશે.
- ૨૯ શહેરોમાં તમામ આવશ્યક સેવાઓ ચાલુ રહેશે. કરિયાણા સ્ટોર્સ, શાકભાજી, ફળ, મેડિકલ સ્ટોર, મિલ્ક પાર્લર, બેકરી અને ખાદ્ય-પદાર્થોની દુકાનો ચાલુ રહેશે.
- ૨૯ શહેરોમાં તમામ ઔદ્યોગિક એકમ, કારખાનાં, કન્સ્ટ્રક્શનની ગતિવિધિઓ ચાલુ રહેશે પણ SOPનું કડક પાલન કરવાનું રહેશે.



## કોરોના મહામારીના કપરા કાળમાં દર્દીઓની સેવામાં ૧૫૦ એમ્બ્યુલન્સ સેવાઓ એક જ સપ્તાહના વિક્રમસર્જક સમયમાં સંપૂર્ણ સુવિધા સાથે કાર્યરત




મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કોરોના સંક્રમણના કપરા કાળમાં નવી ૧૫૦ એમ્બ્યુલન્સ સેવાઓ માત્ર એક જ સપ્તાહમાં સંપૂર્ણ સુવિધાઓથી સજ્જ કરીને નાગરિકો-દર્દીઓની સેવામાં સમર્પિત કરવાની આગવી સંવેદના દર્શાવી છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં કચ્છથી ડાંગ સુધીના સમગ્ર વિસ્તારના કોરોના દર્દીઓને વેળાસર એમ્બ્યુલન્સ સેવા મળી રહે તે માટે આ નવી ૧૫૦ એમ્બ્યુલન્સને ગાંધીનગરથી જિલ્લાઓમાં પ્રસ્થાન કરાવ્યું હતું.

મુખ્ય મંત્રીશ્રીએ એક સપ્તાહ પહેલાં કોર કમિટીની બેઠકમાં ત્વરિત નિર્ણય લઈને નવી ૧૫૦ એમ્બ્યુલન્સ તાત્કાલિક મળી જાય તે માટે યુદ્ધના ધોરણે કામગીરી કરવા આરોગ્યતંત્રને આપેલા દિશાનિર્દેશોને પગલે રાજ્ય સરકારે ૨૬.૩૮ કરોડના કુલ ખર્ચે માત્ર એક જ અઠવાડિયામાં સમગ્ર પ્રક્રિયાઓ પૂરી કરી આ એમ્બ્યુલન્સ આરોગ્ય સેવા કાફલામાં સેવારત કરી દીધી છે.

આ નવી ૧૫૦ એમ્બ્યુલન્સમાં ઑક્સિજન સુવિધા, જરૂરી તબીબી સાધનો અને પેરામેડિકલ સ્ટાફ સહિતની સગવડો માત્ર ત્રણ જ દિવસના વિક્રમસર્જક સમયમાં પૂર્ણ કરી દેવામાં આવી છે.


આ ૧૫૦ એમ્બ્યુલન્સ સેવાઓ માત્ર સપ્તાહના સમયગાળામાં ખરીદીથી માંડી રજિસ્ટ્રેશન અને સુવિધા સજ્જતા સાથે કાર્યરત થઈ જ ન શકે તેવી દલીલો-તર્ક ગુજરાત સરકાર સામે કરનારા લોકો માટે મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વની પારદર્શી નિર્ણાયક સરકારે આ અશક્યને શક્ય બનાવીને કોરોનાના કપરા કાળમાં જનસેવા-પ્રજાલક્ષી સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

કોરોના સંક્રમણની વ્યાપકતાના આ સમયમાં રાજ્યમાં ડાંગ જેવા અંતરિયાળ વિસ્તારથી માંડી કચ્છના સરહદી ક્ષેત્ર સુધી જરૂરતમંદ દર્દીઓની સારવાર માટે આ એમ્બ્યુલન્સ સેવાઓ સુસજ્જ છે.

એટલું જ નહિ, જી.પી.એસ સિસ્ટમ, સ્માર્ટ ફોન, અનુભવી અને તાલીમબદ્ધ કર્મચારીઓ દ્વારા આ સેવાઓનું પેપરલેસ ડિજિટલી મોનિટરીંગ સી.એમ ડેસ્ક બોર્ડ દ્વારા થઈ શકશે.

આ નવી ૧૫૦ એમ્બ્યુલન્સ સેવાઓ આજથી જ કાર્યરત થઈ જતાં રાજ્યમાં કોરોના સંક્રમિત વ્યક્તિઓની સારવાર માટેની સજ્જતામાં વધુ સગવડ જોડાઈ જવાથી સમયસર, ત્વરિત સુવિધા મળશે અને આ આરોગ્ય સેવા જીવનરક્ષક બની રહેશે.

- તમામ મેડિકલ અને પેરામેડિકલ સેવાઓ ચાલુ રહેશે.
- ૨૯ શહેરોમાં તમામ રેસ્ટોરન્ટ્સ બંધ, ટેક અવે ચાલુ રાખી શકાશે.
- ૨૯ શહેરોમાં મોલ, શોપિંગ કોમ્પ્લેક્સ, ગુજરી બજાર, સિનેમા હોલ, ઓડિટોરિયમ, જીમ, સ્વિમિંગ પુલ, વોટરપાર્ક, ગાર્ડન્સ, સલૂન, સ્પા, બ્યૂટી પાર્લર અને અન્ય એન્ટરટેઇનમેન્ટ ગતિવિધિઓ બંધ.
- આખા રાજ્યમાં તમામ APMC બંધ, ફક્ત શાકભાજી અને ફળોના વેચાણ સંબંધિત APMC ચાલુ રહેશે.
- આખા રાજ્યમાં ધાર્મિક સ્થાનો પર જનતાનો પ્રવેશ બંધ, ફક્ત સંચાલક અથવા પૂજારી જ કરી



શકશે પૂજા-અર્ચના.

- આખા રાજ્યમાં પબ્લિક બસ ટ્રાન્સપોર્ટ ૫૦ ટકા ક્ષમતાની સાથે ચાલુ રહેશે.
- આખા રાજ્યમાં લગ્ન સમારોહમાં નિયમ અનુસાર વધુમાં વધુ ૫૦ અને અંતિમવિધિમાં ૨૦ લોકો ઉપસ્થિત રહી શકશે.

**૨૭-૦૪-૨૦૨૧**

- કેન્દ્ર અને રાજ્ય સરકારની અપીલને સકારાત્મક પ્રતિસાદ આપતા શ્રી આર્સેલર મિત્તલના હજીરાના સ્ટીલ પ્લાન્ટના પરિસરમાં ૨૫૦ બેડ્સની ટેમ્પરરી કોવિડ હોસ્પિટલ શરૂ કરાઈ

**૨૮-૦૪-૨૦૨૧**

- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા કરવામાં આવેલા અનુરોધનો સકારાત્મક પ્રતિસાદ આપતાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમન શ્રી મુકેશ અંબાણીએ જામનગરમાં કોવિડ કેર હોસ્પિટલ શરૂ કરવાની તૈયારી દર્શાવી.
- ૪૦૦ બેડ્સની ક્ષમતાવાળી હોસ્પિટલ રવિવાર સુધી કાર્યરત કરવામાં આવશે.
- ત્યારબાદ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ વધારાના ૬૦૦ બેડ્સની સાથે કુલ ૧૦૦૦ બેડ્સની ક્ષમતાવાળી હોસ્પિટલ એક સપ્તાહની અંદર કાર્યરત કરવાનો સંપૂર્ણ પ્રયાસ કરશે.

**૨૯-૦૪-૨૦૨૧**

- રાજ્ય સરકારનાં કાર્યાલયોમાં ૧૫ મે સુધી દરેક શનિવાર અને રવિવારે રજા.
- ૧૫ મે સુધી રાજ્ય સરકારનાં કાર્યાલયોમાં ૫૦ ટકા ક્ષમતાની સાથે કાર્ય કરવાનાં રહશે.
- રાજ્યના ધારાસભ્યો કોરોના સંક્રમણની પ્રવર્તમાન સ્થિતિમાં રૂપિયા ૨૫ લાખની ગ્રાન્ટ સરકારી હોસ્પિટલ-દવાખાનાને મેડિકલ સાધનોની સહાય માટે આપી શકશે. ૧૫૦ એમ્બ્યુલન્સ વધારવામાં આવી
- મુખ્યમંત્રીશ્રીના દિશાનિર્દેશનમાં જ એક જ અઠવાડિયામાં ૧૫૦ વધુ એમ્બ્યુલન્સ કાર્યરત કરવામાં આવી.
- આ એમ્બ્યુલન્સ ઑક્સિજનની સુવિધા અને મેડિકલ સુવિધાઓથી સજ્જ છે.
- કચ્છ અને ડાંગ સુધી તમામ જિલ્લાઓના કોરોના દર્દીઓને સમય પર એમ્બ્યુલન્સ સેવા પ્રદાન કરવા માટે ગાંધીનગર જિલ્લામાંથી ૧૫૦ એમ્બ્યુલન્સનું પ્રસ્થાન.
- રૂપિયા ૨૬ કરોડના ખર્ચે સ્વાસ્થ્ય વિભાગના ગ્રૂપમાં જોડવામાં આવી વધારાની ૧૫૦ એમ્બ્યુલન્સ.

**૩૦-૦૪-૨૦૨૧**

- ૧ મેથી જે શહેરોમાં કોરોનાનું સંક્રમણ વધુ છે એવા ૧૦ જિલ્લાઓમાં ૧૮ વર્ષથી વધુ ઉંમરના યુવાઓને નિઃશુલ્ક વેક્સિન આપવાનો રાજ્ય સરકારનો નિર્ણય.
- આ ૧૦ જિલ્લાઓમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર, કચ્છ, મહેસાણા, ભરૂચ અને ગાંધીનગરનો સમાવેશ થાય છે.
- cowin.gov.in પર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરનાર યુવાનોને જ મળશે વેક્સિન, સ્થળ પર રજિસ્ટ્રેશન નહીં થઈ શકે.
- રાજ્યની સરકારી અને GMEES મેડિકલ કોલેજોમાં કામ કરી રહેલા ઈન્ટર્ન્સ અને રેસિડન્ટ ડોક્ટર્સના પ્રવર્તમાન સ્ટાઈપેન્ડમાં ૪૦ ટકા વધારો કરવાનો નિર્ણય. ૧ એપ્રિલ ૨૦૨૧થી આ વધારો લાગુ થશે.
- ૬૪૦૧ ઈન્ટર્ન્સ અને રેસિડન્ટ ડોક્ટર્સને મળશે લાભ.

**૦૧-૦૫-૨૦૨૧**

- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત સ્થાપના દિવસ ૧ લી મે થી 'મારું ગામ કોરોનામુક્ત ગામ' અભિયાનનો રાજ્યના ૧૭ હજાર ગામોમાં પ્રારંભ કરાવ્યો.
- કોરોના-કોવિડ-૧૯ સંક્રમણ નિયંત્રણ-સારવાર માટે ઉપયોગમાં લેવાતી સાધન-સામગ્રીની વિદેશમાંથી આયાત પરનો આઈ.જી.એસ.ટી. વેરો રાજ્ય સરકાર ભોગવશે.
- મુખ્યમંત્રીશ્રીએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં એસ્સાર ગૃપ દ્વારા શરૂ કરાયેલા ૧૦૦ બેડના કોવિડ કેર સેન્ટરનો ગાંધીનગરથી વર્ચ્યુઅલ પ્રારંભ કરાવ્યો.

**૦૨-૦૫-૨૦૨૧**

- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનો રાજ્યના ખેડૂતોને મોટી આર્થિક રાહત આપતો કિસાન હિતકારી સંવેદનશીલ નિર્ણય




- કોરોનાના કપરા કાળમાં રાજ્યના ખેડૂતોને પાક ધિરાણની રકમ ચૂકવવામાં રાહત : પાક ધિરાણ ભરપાઈ કરવાની મુદત તા. ૩૦ જૂન સુધી લંબાવાઈ
- સહકારી ધિરાણ માળખાના ખેડૂતો માટેના રાજ્ય સરકારનાં ૪ ટકા તેમજ ભારત સરકારના ૩ ટકા મળી કુલ ૭ ટકા વ્યાજ રાહતની રકમ રાજ્ય સરકાર ચૂકવશે.
- મુખ્ય મંત્રીશ્રીના આ કૃષિ હિતલક્ષી નિર્ણયના પરિણામે રાજ્ય સરકાર ખેડૂતો પરના વ્યાજ રાહતનો વધારાનો કુલ રૂા. ૧૬.૩૦ કરોડનો ખર્ચ ભોગવશે.

**૦૪-૦૫-૨૦૨૧**

- ભારત સરકારના ગૃહ મંત્રાલયની માર્ગદર્શિકા સંદર્ભે ગુજરાતના ૩૬ શહેરોમાં વધારાનાં નિયંત્રણો અંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનો નિર્ણય.
- અગાઉ જે ૮ મહાનગરો સહિત ૨૯ શહેરોમાં કોરોના કરફ્યુ હતો તે ઉપરાંત હવે વધુ ૭ શહેરો ડીસા, અંકલેશ્વર, વાપી, મોડાસા, રાધનપુર, કડી અને વિસનગર સહિત કુલ ૩૬ શહેરોમાં રાત્રિના ૮ થી સવારના ૬ વાગ્યા સુધી કોરોના કરફ્યુ અને વધારાના નિયંત્રણો.
- તા. ૬ મે-૨૦૨૧થી તા.૧૨ મે-૨૦૨૧ સુધી દરરોજ રાત્રે ૮ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધી રાત્રિ કરફ્યુનો અમલ આ શહેરોમાં કરવાનો રહેશે.
- આ નિયંત્રણો દરમિયાન તમામ આવશ્યક સેવાઓ ચાલુ રહેશે. અનાજ-કરિયાણાની દુકાન, શાકભાજી, ફળ-ફળાદિ, મેડિકલ સ્ટોર, મિલ્ક પાર્લર, બેકરી તથા ખાદ્યપદાર્થોની દુકાનો ચાલુ રહેશે.
- ૩૬ શહેરોમાં તમામ ઉદ્યોગો, ઉત્પાદન એકમો, કારખાનાંઓ અને બાંધકામ પ્રવૃત્તિઓ યથાવત્ ચાલુ રહેશે.
- ખાનગી ઓફિસોમાં ૫૦ ટકા સ્ટાફની હાજરી-ફરજિયાત માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સીંગના નિયમોના પાલનના ચેકિંગ માટે જી.એસ.ટી. વિભાગ કચેરીઓનું ઓચિંતું ચેકિંગ કરશે.
- નિયમોના ભંગ કરનારી ખાનગી ઓફિસો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવા મુખ્યમંત્રીશ્રીની સ્પષ્ટ સૂચના
- મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા જામનગર ખાતે રીલાયન્સ ફાઉન્ડેશન દ્વારા તૈયાર કરાયેલી ૪૦૦ ઑક્સિજનની સુવિધાવાળા બેડની હોસ્પિટલનું ઈ-લોકાર્પણ.
- ૪૦૦ બેડની ક્ષમતાની શરૂઆત બાદ વધુ ૬૦૦ બેડ ક્ષમતા-ઑક્સિજન સપ્લાય વ્યવસ્થા સાથેની કોવિડ હોસ્પિટલ ઊભી કરાશે
- જામનગર - દેવભૂમિ દ્વારકા-પોરબંદર સહિતના સૌરાષ્ટ્રના જિલ્લાના લોકો માટે કોરોના સંક્રમણ સારવારની મોટી સુવિધા મળશે.

**૧૦-૦૫-૨૦૨૧**

- મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં રાજ્યની કોવિડ ૧૯ હોસ્પિટલમાં ફાયર એન.ઓ.સી., તપાસણી અને જસ્ટિસ ડી.એ.મહેતા તપાસ પંચની ભલામણો સંદર્ભમાં વિશદ ચર્ચા-વિચારણા થઈ.
- રાજ્યની ૧૩૫૦ ઉપરાંત કોવિડ હોસ્પિટલોની ફાયર પોઇન્ટ ઓફ વ્યૂથી ચકાસણી શરૂ કરવામાં આવી છે.
- ગુજરાતની આગવી પહેલ રૂપ ફાયર સેફ્ટી ઓફિસરની પ્રથમ બેચના ૧૩૩ એફ.એસ.ઓ. તાલીમ મેળવી ફાયર ઈક્વિપમેન્ટ્સ ચેકિંગ અને એન.ઓ.સી. આપશે
- રાજ્યની હોસ્પિટલોમાં મોક ફાયર ડ્રીલ યોજવા અને હોસ્પિટલના સ્ટાફને ફાયર ફાયટિંગ સાધનોના ઉપયોગની તાલીમ પણ સમયબદ્ધ રીતે મળે તે માટે મુખ્યમંત્રીશ્રીનું સૂચન
- રાજ્ય સરકારે તાજેતરમાં વિધાનસભામાં ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ (રજિસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન એક્ટ) પસાર કર્યો છે.
- લગભગ ૨૨ ટકા ગુજરાતને મળ્યું સુરક્ષા કવચ. ૧.૩૮ કરોડથી વધુ વેક્સિનેશન ડોઝ અપાયા. વેક્સિનેશનમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ.
- કોરોના બેડની સુવિધા ૪૧ હજારથી વધારી ૧ લાખ કરાઈ.
- રાજ્યમાં ૫૮ હજાર ઓક્સિજન બેડ અને ૨ હજાર જેટલી હોસ્પિટલમાં ૧૧૦૦ ટન ઓક્સિજનનનો અવિરત સપ્લાય અપાયો.
- છેલ્લા એક માસમાં ૭ લાખથી વધુ રેમડેસિવિર ઈન્જેક્શન ઉપલબ્ધ કરાવાયાં.





# ભાજપની જીત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા ગુજરાત સરકારનાં પ્રજાલક્ષી કાર્યો અને કાર્યકરોની અથાગ મહેનતનું પરિણામ છે

**જનતાએ ભાજપને આપેલ વધુ એક બેઠક માટે મોરવા હડફના મતદારોના નિર્ણયને આવકારતાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ**



ગુજરાત વિધાનસભાની મોરવા હડફ બેઠકની પેટાચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રી નિમિષાબહેન સુથારની જંગી બહુમતી એટલે કે ૪૫૪૩૨ મતથી જીત થઈ છે. ગુજરાતના મતદારોના આ નિર્ણયને આવકારતાં પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે મોરવા હડફની જનતાએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલાં પ્રજાકીય કાર્યો અને નિર્ણયો તેમજ પ્રવર્તમાન ભારતનો વિકાસ અને ગુજરાતના વિકાસની વણથંભી યાત્રામાં આદરણીય કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના પ્રદાનને આવકારી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારને જંગી બહુમતીથી જીત આપી છે. ગુજરાતની જનતાએ ભાજપાને વધુ એક બેઠક આપી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પોતાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

વધુમાં શ્રી પાટીલે જણાવ્યું હતું કે ગુજરાત સરકારે પ્રજાલક્ષી કાર્યો કર્યા અને કોરોનાના કપરા કાળમાં ત્વરિત પ્રજાહિતના જે નિર્ણયો લીધા તે બદલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં ચાલતી ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકાર પણ આ જીત માટે એટલી જ સહભાગી છે.

એ જ રીતે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના સંગઠનના કાર્યકરોએ માઈક્રો પ્લાનિંગ કરી અને મતદારોને પેજ સમિતિ સુધી પહોંચીને તેઓને સરકારી યોજનાઓનો લાભ અને જાણકારી આપી અને તે બાબતે અવગત કર્યા. મોરવા હડફ મતવિસ્તારમાં ચૂંટણી અર્થે કામગીરી કરી છે તે ભાજપાના તમામ દેવદુર્લભ કાર્યકરો પણ આ જીતમાં એટલા જ યશના અધિકારી છે.

ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલે મોરવા હડફના મતદારો તેમજ ભાજપાના કાર્યકરોનો આભાર માન્યો હતો. મોરવા હડફની એક બેઠક વધવાથી ભારતીય જનતા પાર્ટીનું સંખ્યાબળ વિધાનસભામાં ૧૧૨ બેઠકનું થશે.


•

## વિધાનસભાની તાજેતરની ચૂંટણીમાં ભાજપની સફળતા

| | ૨૦૧૬ | ૨૦૨૧ |
|---|---|---|
| આસામ | ૬૦ | ૬૦ |
| પશ્ચિમ બંગાળ | ૩ | ૭૭ |
| તમિલનાડુ | ૦ | ૪ |
| પોંડિચેરી | ૦ | ૬ |



# ગુજરાતનાં ગામોને કોરોનામુક્ત કરવા ૧લી મે ગુજરાત સ્થાપના દિવસથી પ્રારંભ થયેલા 'મારું ગામ કોરોનામુક્ત ગામ'નું રાજ્યવ્યાપી અભિયાન



મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતની પ્રેરણા-માર્ગદર્શનથી ગુજરાત સ્થાપના દિવસ ૧ લી મે થી રાજ્યના ૧૭ હજાર ગામોમાં કોરોનામુક્તિની સંકલ્પબદ્ધતા સાથે 'મારું ગામ કોરોનામુક્ત ગામ' અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતના આહ્‌વાનને ગ્રામીણજનોએ લોકભાગીદારીથી વધાવી લીધા છે.

આ અભિયાનને માત્ર પાંચ દિવસના ટૂંકા ગાળામાં વ્યાપક પ્રતિસાદ સાંપડ્યો છે. માત્ર પાંચ દિવસના ટૂંકા ગાળામાં રાજ્યના ૩૩ જિલ્લામાં ૧૩૦૬૧ કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટરનું નિર્માણ કરી ૧ લાખ ૨૦ હજાર બેડની વ્યવસ્થા કરાઈ છે.


કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટરમાં આઈસોલેશન માટે ૨૬૨૭ કોરોના પોઝિટિવ દર્દીઓ દાખલ કરવામાં આવ્યા છે. કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટર્સમાં ભોજન-ગુણવત્તાયુક્ત દવાઓ સહિતની સેવાઓ ગ્રામીણ જનશક્તિની ભાગીદારીથી સરકારના ગ્રામવિકાસ-પંચાયતના સહયોગથી ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

રાજ્ય સરકારના પંચાયત-ગ્રામવિકાસ વિભાગ દ્વારા ગ્રામીણ લોકભાગીદારીથી શરૂ કરવામાં આવેલા કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટર્સના મોનિટરિંગ અને અન્ય વ્યવસ્થાઓનું સંકલન જિલ્લા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શનમાં જે-તે તાલુકા વિકાસ અધિકારી અને ગામની ૧૦ વ્યક્તિઓની બનેલી કમિટી કરે છે. ગ્રામ્ય કક્ષાએ સરકારી શાળા, કોમ્યુનિટી હોલ, સમાજવાડી, હોસ્ટેલ કે સરકારી મકાન જેવા બિલ્ડિંગ સ્થળોનો ઉપયોગ કરીને કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટર્સ શરૂ કરવામાં આવી રહ્યા છે.

રાજ્યમાં જિલ્લાવાર આવાં કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટર્સની વિગતો જોઈએ તો, અમદાવાદનાં ૪૬૧ કોવિડ સેન્ટરમાં કુલ ૩૦૪૨, અમરેલીનાં ૫૯૮ કોવિડ સેન્ટરમાં ૩૪૯૨, આણંદનાં ૩૫૧ કોવિડ સેન્ટરમાં ૧૮૩૮, અરવલ્લીનાં ૮૬ કોવિડ સેન્ટરમાં ૧૫૦૫, બનાસકાંઠાનાં ૯૭૧ કોવિડ સેન્ટરમાં ૭૦૮૪, ભરૂચનાં ૫૫૪ કોવિડ સેન્ટરમાં ૪૩૧૨, ભાવનગરનાં ૬૬૮ કોવિડ સેન્ટરમાં ૮૭૭૧, બોટાદનાં ૧૮૦ કોવિડ સેન્ટરમાં ૧૮૧૧, છોટાઉદેપુરનાં ૩૪૩ કોવિડ સેન્ટરમાં ૪૨૭૦, ડાંગનાં ૮૩ કોવિડ સેન્ટરમાં ૧૨૪૨, દાહોદનાં ૭૩૨ કોવિડ સેન્ટરમાં ૧૪૫૮૧, દેવભૂમિ દ્વારકાનાં ૨૬૯ કોવિડ સેન્ટરમાં ૧૩૯૩, ગાંધીનગરનાં ૨૮૬ કોવિડ સેન્ટરમાં ૪૫૮૫, ગીરસોમનાથનાં ૩૧૦ કોવિડ સેન્ટરમાં ૨૨૬૦, જામનગરનાં ૪૮૦ કોવિડ સેન્ટરમાં ૭૯૬૪, જૂનાગઢનાં ૪૯૨ કોવિડ સેન્ટરમાં ૭૦૯૦, ખેડાનાં ૩૫૫ કોવિડ સેન્ટરમાં ૨૫૨૯, કચ્છનાં ૪૪૧ કોવિડ સેન્ટરમાં ૨૭૨૩, મહિસાગરનાં ૩૫૭ કોવિડ સેન્ટરમાં ૩૨૫૪, મહેસાણાનાં ૬૦૮ કોવિડ સેન્ટરમાં ૨૯૧૯, મોરબીનાં ૩૬૦ કોવિડ સેન્ટરમાં ૨૬૩૨, નર્મદાનાં ૬૭૬ કોવિડ સેન્ટરમાં ૩૧૯૨, નવસારીનાં ૩૫૭ કોવિડ સેન્ટરમાં ૨૯૫૯, પંચમહાલનાં ૪૮૭ કોવિડ સેન્ટરમાં ૨૪૩૫, પાટણનાં ૨૨૦ કોવિડ સેન્ટરમાં ૧૯૭૦, પોરબંદરનાં ૧૫૯ કોવિડ સેન્ટરમાં ૧૩૦૩, રાજકોટનાં ૫૭૧ કોવિડ સેન્ટરમાં ૫૯૯૦, સુરેન્દ્રનગરનાં ૨૬૮ કોવિડ સેન્ટરમાં ૧૪૬૦, સાબરકાંઠાનાં ૪૭૪ કોવિડ સેન્ટરમાં ૨૭૯૫, સુરતનાં ૧૭ કોવિડ સેન્ટરમાં ૯૭૧, તાપીનાં ૩૭ કોવિડ સેન્ટરમાં ૩૫૧, વડોદરાનાં ૪૨૮ કોવિડ સેન્ટરમાં ૪૫૨૩, વલસાડનાં ૩૮૨ કોવિડ સેન્ટરમાં ૩૦૯૧ બેડની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

આમ, સમગ્ર રાજ્યના ૩૩ જિલ્લાઓમાં કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટર ઊભાં કરીને ૧,૨૦,૩૩૭ બેડની વ્યવસ્થા કરવામાં આવી છે.

કોરોના સંક્રમણની વિકટ સ્થિતિમાં ગામડાંઓમાં કોરોના સંક્રમણ વધે નહિ તેમજ ગામોમાં વસતા નાગરિકો, પરિવારો કોરોનામુક્ત રહી શકે તે હેતુથી આ અભિયાન સમગ્ર રાજ્યમાં એક પખવાડિયા દરમ્યાન લોકભાગીદારીથી જન અભિયાન તરીકે પ્રેરિત કરવામાં આવ્યું છે.



## મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનો રાજ્યના ખેડૂતોને મોટી આર્થિક રાહત આપતો કિસાન હિતકારી સંવેદનશીલ નિર્ણય

# કોરોનાના કપરા કાળમાં રાજ્યના ખેડૂતોને પાક ધિરાણની રકમ ચૂકવવામાં રાહત : પાક ધિરાણ ભરપાઈ કરવાની મુદત તા. ૩૦ જૂન સુધી લંબાવાઈ

કોરોનાના કપરા કાળમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના ખેડૂતોને પાક ધિરાણની રકમ ચૂકવવામાં રાહત આપતો મહત્ત્વપૂર્ણ ખેડૂતહિતલક્ષી નિર્ણય લીધો છે.

ખેડૂતો માટે પાક ધિરાણ ભરપાઈ કરવાની મુદત તા. ૩૦ જૂન સુધી લંબાવીને રાજ્યના ધરતીપુત્રોને મોટી આર્થિક રાહત આપતો સંવેદનશીલ નિર્ણય શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા લેવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ એવો નિર્ણય પણ કર્યો છે કે સહકારી ધિરાણ માળખાના ખેડૂતો માટે રાજ્ય સરકારના ૪ ટકા તેમજ ભારતના ૩ ટકા મળી કુલ ૭ ટકા વ્યાજ રાહતની રકમ રાજ્ય સરકાર ચૂકવશે. આ કિસાન હિતકારી નિર્ણયના પરિણામે ખેડૂતો પરના વ્યાજ રાહતનો વધારાનો કુલ રૂા. ૧૬.૩૦ કરોડનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે.

રાજ્યના કૃષિ કલ્યાણ વિભાગ દ્વારા આ અંગેની યાદીમાં વધુમાં જણાવાયું છે કે નાબાર્ડની ક્રેડિટ પોલિસી મુજબ રાજ્યમાં ખેડૂતોને ટૂંકી મુદતનું પાક ધિરાણ, ધિરાણ સંસ્થાઓ મારફત ૭ ટકાના દરે પૂરું પાડવામાં આવે છે જે પૈકી સમયસર ધિરાણ પરત ભરપાઈ કરતા ખેડૂતોને ૩ ટકા વ્યાજ રાહત ભારત સરકાર દ્વારા પૂરી પાડવામાં આવે છે. જ્યારે ૪ ટકા




વ્યાજ રાહત ગુજરાત સરકાર દ્વારા પૂરી પાડવામાં આવે છે. પરિણામે ગુજરાત રાજ્યના આવા ખેડૂતોને ઝીરો ટકા વ્યાજ દરે પાક ધિરાણ ઉપલબ્ધ થાય છે. Covid-19ના સેકન્ડ વેવમાં પણ માર્ચ-૨૦૨૧થી મહામારીના કેસોમાં વધારો થયેલ છે, જેના પરિણામે ચાલુ વર્ષે પણ ખેડૂતો દ્વારા તા. ૩૧-૦૩-૨૦૨૧ સુધીમાં ધિરાણ પરત ભરપાઈ ના કરી શકે તેવી પરિસ્થિતિ ઉદ્ભવી છે. આ સંજોગોમાં તા. ૦૧-૦૪-૨૦૨૦થી તા. ૩૦-૦૯-૨૦૨૦ સુધીનું સહકારી ધિરાણ માળખા મારફત પાક ધિરાણ લીધેલું હોય તેવા ખેડૂતો દ્વારા પાક ધિરાણની રકમ પરત ભરપાઈ કરવાની મુદત તા. ૩૦-૦૬-૨૦૨૧ સુધી વધારવા અંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. આના પરિણામે જે ખેડૂતો દ્વારા સહકારી ધિરાણ માળખા મારફત તા. ૦૧-૦૪-૨૦૨૦ થી તા. ૩૦-૦૯-૨૦૨૦ સુધીમાં પાક ધિરાણ લીધેલ હશે તેવા પાક ધિરાણની રકમ પરત ભરપાઈ કરવાની મુદત તા. ૩૦-૦૬-૨૦૨૧ સુધી વધારવામાં આવી છે.

તા. ૦૧-૦૪-૨૦૨૧ થી તા. ૩૦-૦૬-૨૦૨૧ સુધીમાં લહેણી થયેલ પર ધિરાણની રકમ અથવા લહેણી થનાર રકમ તા. ૩૦-૦૬-૨૦૨૧ સુધીમાં અથવા ખેડૂતો દ્વારા ખરેખર પાક ધિરાણ પરત ભરપાઈ કરે તે બેમાંથી જે વહેલું હોય તે તારીખ સુધીમાં પાક ધિરાણ પરત ભરપાઈ કરે તેવા સહકારી ધિરાણ માળખાના ખેડૂતોને ભારત સરકાર દ્વારા મળતી ૩ ટકા વ્યાજ રાહતની રકમ તથા રાજ્ય સરકાર દ્વારા મળતી ૪ ટકા વ્યાજ રાહતની રકમ રાજ્ય સરકાર દ્વારા ચૂકવવા અંગે નિર્ણય કરવામાં આવ્યો છે.

•





# 'કોરોના સેવાયજ્ઞ' દ્વારા એક લાખ કોરોના વોરિયર્સ સુધી જીવન ઉપયોગી કિટ પહોંચાડીને તેમને વિશ્વાસ અપાવીએ કે સમાજ તેમની ચિંતા કરે છે - રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરણાથી રાજભવન, ગાંધીનગર ખાતે શરૂ થયેલા 'કોરોના સેવાયજ્ઞ' અંતર્ગત એક લાખ પાયાના કોરોના વોરિયર્સ સુધી જીવન ઉપયોગી વસ્તુઓની કિટ પહોંચાડવા જન-અભિયાનનો પ્રારંભ રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કરાવ્યો હતો.

૧૧ હજાર કિટના પ્રથમ જથ્થાને ઝંડી ફરકાવી પ્રસ્થાન કરાવતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે વ્યથા નહીં, વ્યવસ્થાના કર્મમંત્ર અને વિજયના વિશ્વાસ સાથે જનભાગીદારીને પ્રેરિત કરી કોરોના સંક્રમણ સામે જંગ છેડ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યપાલશ્રીએ પાયાના કોરોના વોરિયર્સની ચિંતા કરીને જનશક્તિના સામર્થ્યથી કોરોના સંક્રમણ સામેના જંગમાં જનતાને જોડી છે. તેમણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે તમામ પ્રકારાનાં સંસાધનો સાથે સંક્રમણના સામના માટે બહુઆયામી વ્યૂહ અપનાવ્યો છે.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે, માર્ચ-૨૦૨૧માં ગુજરાતની હોસ્પિટલમાં ઉપલબ્ધ બેડની સંખ્યા ૪૨ હજાર હતી. જેમાં ગત એક માસમાં જ રાજ્ય સરકારે વધારો કરતા આ સંખ્યા ૯૯ હજારે પહોંચી છે. એક મહિનામાં ઑક્સિજન સાથેના બેડની સંખ્યામાં વધારો કરી ૫૭ હજાર બેડ ઉપલબ્ધ કરાવાયા છે. મુખ્યમંત્રીશ્રીએ ૧-મે થી તબક્કાવાર શરૂ થઈ રહેલાં રસીકરણ કાર્યક્રમમાં ૧૮થી ઉપરની વયના વધુ ને વધુ યુવા-નાગરિકો જોડાય, તેવી અપીલ પણ કરી હતી.

કોરોના સામેના આ જંગમાં રસીકરણના શસ્ત્રથી વિજય મેળવવા તેમણે સૌને અનુરોધ કર્યો હતો.


રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે 'કોરોના સેવાયજ્ઞ'માં સહયોગ આપનારા દાનશ્રેષ્ઠીઓનું અભિવાદન કરતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, સ્વના કલ્યાણ માટે નહીં પરંતુ અન્યના ભલા માટે - પરમાર્થ માટે જીવન જીવે એ જ ખરા અર્થમાં મનુષ્ય છે. કોરોના સંક્રમણના કપરા કાળમાં દિવસ-રાત એક કરી માનવસેવાને જ પ્રભુસેવા માની સંક્રમિતોની સેવા-શુશ્રૂષા કરી રહેલાં એક લાખ ફ્રન્ટ લાઇન કોરોના વોરિયર્સને જીવન ઉપયોગી કિટ પહોંચાડવા આ જન અભિયાનથી પાયાના કોરોના વોરિયર્સને વિશ્વાસ મળશે કે સમાજ તેમની અને તેમના પરિવારજનોની ચિંતા કરી રહ્યો છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, કોરોના સંક્રમણનો સામનો સમાજના સહયોગ વિના શક્ય નથી ત્યારે માનવતા, સહિષ્ણુતા અને ઉદારતા દાખવી યત્કિંચિત્ સહયોગ દ્વારા સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવનારા સહયોગીઓ ખરેખર અભિનંદનને પાત્ર છે.

રાજભવન ખાતે 'કોરોના સેવાયજ્ઞ' જન અભિયાનમાં મુખ્ય સહયોગ આપનારા શ્રી અમિતાભ શાહ અને તેમની સ્વયંસેવી સંસ્થા 'યુવા અનસ્ટોપેબલ'ની સેવા પ્રવૃત્તિને રાજ્યપાલશ્રીએ બિરદાવી તેમનો આભાર માન્યો હતો.

કોવિડ એપ્રોપ્રિયેટ પ્રોટોકોલના કડક પાલન સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં તમામ લોકો કોરોના સંક્રમણ સંદર્ભના ટેસ્ટ કરાવાયા બાદ જ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યપાલશ્રીએ ૧૧ હજાર કિટ લઈને પ્રસ્થાન કરી રહેલાં વાહનોના ચાલકોને પણ શુભેચ્છા પાઠવી હતી. ૧ લાખ કિટ પૈકીનો પ્રથમ જથ્થો જામનગર - રાજકોટ - વિસ્તાર માટે મોકલાયો હતો.

•





# કોરોના-કોવિડ-૧૯ સંક્રમણ નિયંત્રણ-સારવારનાં અદ્યતન સાધનો-મશીનરી ખરીદવા માટે રાજ્યના દરેક ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી ઓછામાં ઓછા ૫૦ લાખ રૂપિયાની ગ્રાન્ટ ફરજિયાત ફાળવવાની રહેશે

વિશ્વવ્યાપી મહામારી કોરોના કોવિડ-૧૯ના સંક્રમણને રાજ્યમાં અટકાવવા તેમજ તેની સારવાર માટે અદ્યતન સાધનો-મશીનો ખરીદવા હવે રાજ્યના ધારાસભ્યોશ્રીઓએ પોતાની ગ્રાન્ટમાંથી ઓછામાં ઓછા રૂ. ૫૦ લાખની રકમ ફરજિયાત ફાળવવાની રહેશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં આ મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યમાં નોવેલ કોરોના વાઈરસ-કોવિડ-૧૯ના સંક્રમણ નિયંત્રણ તથા સારવાર-શુશ્રુષા માટે રાજ્ય સરકાર દ્વારા લેવાઈ રહેલાં પગલાંઓને વધુ સઘન અને વ્યાપક બનાવવાના જનહિત આરોગ્યલક્ષી અભિગમથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ એવો પણ નિર્ણય કર્યો છે કે, આ હેતુસર ધારાસભ્યો જરૂરિયાત મુજબ પોતાની સંપૂર્ણ MLA ગ્રાન્ટનો ઉપયોગ પણ કરી શકશે.

શ્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી કોર કમિટીની બેઠકમાં થયેલા નિર્ણય અનુસાર રાજ્યના જનપ્રતિનિધિઓએ આ રકમમાંથી સિવિલ હોસ્પિટલો, અન્ય સરકારી હોસ્પિટલો, દવાખાનાંઓ તેમજ મહાનગરપાલિકા-નગરપાલિકા સંચાલિત હોસ્પિટલો દવાખાનાંઓમાં કોરોના-૧૯ની પ્રવર્તમાન સ્થિતિમાં તેની સારવાર-નિયંત્રણનાં અદ્યતન સાધનો-મશીનો ખરીદવા માટે ઓછામાં ઓછા રૂ. ૫૦ લાખ ફરજિયાત ફાળવવાના રહેશે.

મુખ્યમંત્રીશ્રીએ એવો પણ નિર્ણય કર્યો છે કે, અગાઉ ધારાસભ્યો પોતાની આવી ગ્રાન્ટનો ઉપયોગ પોતાના મતક્ષેત્રમાં આરોગ્યસાધનોની ખરીદી માટે કરતા હતા તે હવે, પ્રવર્તમાન કોવિડ-૧૯ની સ્થિતિમાં પોતાના જિલ્લાની સિવિલ હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ માટે પણ કરી શકશે.

એટલું જ નહિ, ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલ જે સેવાભાવથી અને નહિ નફો નહિ નુકસાનના ધોરણે ચાલતી હોય તેવી હોસ્પિટલો માટે પણ કોવિડ-૧૯ની સ્થિતિમાં રૂ. ૫૦ લાખની મર્યાદામાં ટ્રસ્ટના ફાળા વિના ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટમાંથી અદ્યતન સાધન-સામગ્રીની ખરીદી થઈ શકશે.

મુખ્યમંત્રીશ્રીએ એવો ઉદાત્ત અભિગમ પણ અપનાવ્યો છે કે, સરકારી-સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સંચાલિત હોસ્પિટલ-દવાખાનાંની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને આ જરૂરિયાત અનુસાર ધારાસભ્ય ગ્રાન્ટમાંથી ફાળવવાની થતી રકમ માટે કોઈ પણ રકમની મર્યાદા લાગુ પડશે નહીં.

ધારાસભ્યશ્રીઓની ઓછામાં ઓછી રૂ. ૫૦ લાખની આ ગ્રાન્ટમાંથી જે સાધન-સામગ્રી કોવિડ-૧૯ સંક્રમણ નિયંત્રણ અને સારવાર માટે ખરીદી શકાશે તેમાં ઑક્સિજન કોન્સન્ટ્રેટર- ૧૦ લીટર, હાઈ ફ્લો ઑક્સિજન થેરપી ડિવાઈસ, બાઈ-પેપ મશીન, મલ્ટી પેરા મોનિટર, સિરિંજ ઈન્ફ્યુઝન પમ્પ(૧૦,૨૦,૫૦ એમ.એલ), લિક્વિડ ઑક્સિજન સ્ટોરેજ ટેન્ક (૬૦૦૦ લીટર) અને પ્રેશર સ્વિંગ એબ્ઝોર્પશન-પી.એસ.એ. ઑક્સિજન જનરેશન યુનિટ (૨૫૦ અને ૫૦૦ લીટર)નો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે સૂચવ્યું છે કે, આ MLA ગ્રાન્ટની જોગવાઈઓ કોવિડ-૧૯ની વિશિષ્ટ પરિસ્થિતિમાં માત્ર વર્ષ ૨૦૨૧-૨૨ માટે મંજૂર કરવામાં આવતાં કામોને જ લાગુ પડશે. આ ઉપરાંત આવાં કામોના અમલીકરણ-ખરીદી માટે નિયત અમલીરણ કચેરીઓએ તેમના સંબંધિત વિભાગના પ્રવર્તમાન નીતિ-નિયમોનું પાલન કરવાનું રહેશે. ધારાસભ્ય ફંડમાંથી કામો મંજૂર કરી તેના અમલીકરણ બાબતે રાજ્ય સરકારની અન્ય પ્રવર્તમાન જોગવાઈઓ યથાવત્ રાખવામાં આવી છે.

•






















112
EMERGENCY




# સેવાયજ્ઞ



























CHIRAG PATEL







108








# સેવાયજ્ઞ
























અમિત ઠાકર,
ભારતીય જનતા પાર્ટી પ્રેરિત
નમો ટિફિન સેવા
જીવરાજપાર્ક, સેટેલાઇટ, વેજલપુરના
હોમ ક્વોરેન્ટાઇન દર્દીના જરૂરિયાતમંદ પરિવાર માટે
ટિફિન દર્દીના ઘર સુધી પહોંચાડવામાં આવશે.


ભાજપ શહેર
આપણા વડીલોનું રસીકરણ
'કોરોના રસી
7 MAY







GJ02DA8665









# સંઘ સંસ્કારને ઉજાળનાર એક સ્વયંસેવકની પ્રેરણાગાથા



નાગપુરના ૮૫ વર્ષના આરએસએસના સ્વયંસેવક શ્રી  નારાયણ દાભાડકરજી કોરોના મહામારીની ઝપટમાં આવી ગયા. તેમની હાલત બહુ સારી નહોતી.

એમની દીકરી એમને નાગપુરની ઇંદિરા ગાંધી હોસ્પિટલમાં દાખલ કરવા માટે લઈ ગયાં. એ દરમિયાન એમનું ઓક્સિજન લેવલ ખતરનાક સ્તરે ઘટી રહ્યું હતું. હોસ્પિટલમાં દાખલ થવા માટે એમની દીકરી ફૉર્મ ભરી રહી હતી, એ સમયે નાનું બાળક લઈને રડી રહેલી એક મહિલા પર  નારાયણ દાભાડકરજીની નજર પડી.

એ મહિલા કાઉન્ટર પર કરગરી રહી હતી પોતાના કોરોનાગ્રસ્ત  ૪૦ વર્ષના પતિને બેડ મળે એ માટે.

દાભાડકરજી સંઘના સ્વયંસેવક.

એમની અંદર પડેલા સંઘ સંસ્કાર બહાર આવ્યા. એમણે એક સંઘ સ્વયંસેવકના કર્તવ્યનું પાલન કરતાં કાઉન્ટર પર વિનંતી કરતાં કહ્યું : મારી ઉંમર આમ પણ ૮૫ વર્ષની થઈ ગઈ છે. મારા જીવનનો ઉદ્દેશ્ય પૂરો થઈ ગયો છે. આથી મારી તમને વિનંતી છે કે મને જે બેડ મળ્યો છે એ પેલી બહેનના પતિને આપી દો, હજુ એ યુવાન છે, એણે હજુ ઘણી જવાબદારીઓ નિભાવવાની બાકી છે.'

ડોક્ટર સહિત હાજર ઘણા લોકોએ  દાભાડકરજીને ખૂબ સમજાવ્યા, પણ  દાભાડકરજી મક્કમ રહ્યા. પેલા કોરોનાગ્રસ્ત યુવાનને પોતાનો બેડ આપીને એક સંતોષ લઈને એ ઘરે પાછા આવ્યા.

ત્રણ દિવસ પછી નારાયણ દાભાડકરજીનું દેહાવસાન થયું.

ઉંમર ભલે ગમે તેટલી થઈ હોય પણ દરેકને જીવવાની લાલસા હોય છે પણ આ તો સંઘ સંસ્કારથી શિક્ષિત-દીક્ષિત સ્વયંસેવક હતા. એ 'સ્વ'નો તો ક્યારેય વિચાર જ કરતો નથી. સમાજ, રાષ્ટ્ર કે સમષ્ટિ માટે જીવે એ જ તો સંઘ સંસ્કાર છે.

જીવનની મહત્ત્વની પળે સંઘ સંસ્કારને ઉજાળનાર નારાયણ દાભાડકરજીને વિનમ્ર શ્રદ્ધાંજલિ.

પુણ્યાત્માને નમન...



**ગુજરાત ભાજપના વરિષ્ઠ આગેવાન શ્રી દત્તાજી ચિરંદાસજીના અવસાનના સમાચાર અત્યંત આઘાતજનક છે.**

**ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના વિકાસમાં એમનું યોગદાન સદાય સ્મરણીય રહેશે.**

**પરમ કૃપાળુ પરમાત્મા એમના આત્માને ચિર શાંતિ બક્ષે એ જ પ્રાર્થના.**


**- પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી**





# જિલ્લા/મહાનગર પ્રભારીશ્રીઓ : ૨૦૨૧

| ક્રમ | જિલ્લો/મહાનગર | પ્રભારીશ્રીનું નામ | સંપર્ક નંબર | પ્રભારીશ્રીનું નામ | સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|
| ૧. | ડાંગ | શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા | ૯૮૨૫૧૧૦૧૬૫ | શ્રીમતી સીતાબેન નાયક | ૯૮૨૫૮૬૦૩૫૯ |
| ૨. | વલસાડ | શ્રીમતી શિતલબેન સોની | ૯૩૭૭૯૧૯૦૧૦ | શ્રી માધુભાઈ કથીરીયા (નવસારી) | ૯૮૨૪૦૭૪૧૩૫ |
| ૩. | નવસારી | શ્રીમતી ઉષાબેન પટેલ | ૯૭૨૩૪૬૬૦૦૦ | શ્રી રણજીતભાઈ ચીમના | ૯૩૭૬૮૪૪૮૦૩ |
| ૪. | સુરત શહેર | શ્રી પ્રદિપસિંહ વાઘેલા | ૯૯૨૫૨૦૦૮૫૦<br>૯૯૭૮૪૦૬૭૮૯ | | |
| ૫. | સુરત જિ. | શ્રી ભરતભાઈ રમણભાઈ રાઠોડ | ૯૮૨૫૪૫૪૫૪૬ | શ્રીમતી સુમિત્રાબેન ચૌધરી | ૯૯૭૮૭૮૩૭૪૬ |
| ૬. | તાપી | શ્રી અશોકભાઈ ધોરાજીયા | ૯૪૨૬૮૦૯૯૭૮ | શ્રીમતી ડિમ્પલબેન પટેલ (બારડોલી) | ૯૮૭૯૩૧૧૦૦૨<br>૯૪૨૭૬૪૪૦૩૫ |
| ૭. | ભરૂચ | શ્રી જનકભાઈ કાછડીયા (બગદાણાવાળા) | ૯૮૨૫૧૪૮૮૪૬<br>૯૩૨૭૦૦૪૨૧૦ | | |
| ૮. | નર્મદા | શ્રી સતીષભાઈ પટેલ (છાણી) | ૯૮૨૫૦૬૨૨૨૦ | | |
| ૯. | વડોદરા શહેર | શ્રી ભાર્ગવભાઈ ભટ્ટ | ૯૮૨૫૮૦૨૨૨૯ | ડૉ. દર્શનાબેન દેશમુખ | ૯૯૨૫૦૨૩૭૭૨<br>૯૬૮૭૬૦૩૮૨૫ |
| ૧૦. | વડોદરા જિ. | શ્રી પરાક્રમસિંહ જાડેજા | ૯૮૭૯૫૫૯૪૯૯ | શ્રીમતી જહાન્વીબેન વ્યાસ | ૯૮૭૯૩૦૦૫૬૦ |
| ૧૧. | છોટા ઉદેપુર | શ્રી રમેશભાઈ મિસ્ત્રી | ૯૮૨૫૩૦૩૩૨૪ | ડૉ. જીગીશાબેન શેઠ | ૯૮૨૫૮૦૨૪૧૦ |
| ૧૨. | પંચમહાલ | શ્રી રાજેશભાઈ પટેલ (ધર્મજ) | ૯૪૨૬૫૦૦૭૫૭ | શ્રી સંયુક્તાબેન મોદી (દાહોદ) | ૯૮૨૫૩૫૫૩૮૮ |
| ૧૩. | મહીસાગર | શ્રી બાલકૃષ્ણભાઈ શુક્લ | ૯૮૭૯૫૧૫૧૨૮ | શ્રીમતી કૈલાસબેન પરમાર | ૮૯૮૦૩૨૮૪૨૬<br>૮૨૦૦૧૯૯૭૬૮ |
| ૧૪. | દાહોદ | શ્રી શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ | ૮૨૩૮૦૭૭૭૯૯ | શ્રી હંસાકુંવરબા રાજ | ૯૮૨૫૦૩૬૩૧૩ |
| ૧૫. | આણંદ | શ્રી અમિતભાઈ ઠાકર | ૯૮૨૪૦૭૬૭૪૬<br>૮૨૩૮૩૮૯૨૩૮ | શ્રી સોનલબેન એમ. પટેલ (વડોદરા) | |
| ૧૬. | ખેડા | શ્રી ગોરધનભાઈ ઝડફીયા | ૯૮૨૫૫૦૫૭૭૮ | શ્રી શકુંતલાબેન મહેતા (વડોદરા) | ૯૮૨૫૮૦૨૨૩૬ |
| ૧૭. | અમદાવાદ શહેર | શ્રી પ્રદિપસિંહ વાઘેલા | ૯૯૨૫૨૦૦૮૫૦<br>૯૯૭૮૪૦૬૭૮૯ | શ્રી ધર્મેન્દ્રભાઈ શાહ | ૯૮૨૫૦૧૨૦૩૮<br>૯૩૨૭૪૨૬૧૧૪ |
| ૧૮. | અમદાવાદ જિ. | શ્રીમતી વર્ષાબેન દોશી | ૯૮૨૫૫૦૭૭૯૯<br>૯૮૭૯૫૦૯૯૦૦ | શ્રી અમિતભાઈ શાહ (પૂર્વ મેયર) | ૯૮૨૫૬૦૦૫૯૬ |
| ૧૯. | ગાંધીનગર શહેર | શ્રી રજનીભાઈ પટેલ | ૯૯૭૮૪૦૫૯૧૪<br>૯૪૦૯૯૧૨૪૨૫ | શ્રી મોહનભાઈ પટેલ (પાટણ) | ૯૯૨૫૦૧૮૯૫૨<br>૯૪૨૮૮૫૦૧૨૪ |
| ૨૦. | ગાંધીનગર જિ. | શ્રી હર્ષદભાઈ પટેલ (રાણીપ) | ૯૮૨૫૦૧૨૪૧૬ | શ્રી પંકજભાઈ ચૌધરી | ૯૯૯૮૬૩૮૧૭૮<br>૮૩૪૭૬૧૪૪૯૭ |
| ૨૧. | સાબરકાંઠા | શ્રી ભરતભાઈ આર્ય | ૯૪૨૭૩૭૯૭૩૭ | શ્રીમતી રેખાબેન ચૌધરી | ૯૮૨૫૧૩૩૭૫૫<br>૯૯૦૯૪૩૩૭૫૫ |



| ક્રમ | જિલ્લો/મહાનગર | પ્રભારીશ્રીનું નામ | સંપર્ક નંબર | પ્રભારીશ્રીનું નામ | સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|
| ૨૨. | અરવલ્લી | કુ. જયશ્રીબેન દેસાઈ | ૯૯૭૯૪૮૫૨૮૯ | શ્રી ગીરીશભાઈ જગાણીયા | ૯૮૨૫૦૪૭૦૨૪ |
| ૨૩. | મહેસાણા | શ્રી કૌશલ્યાકુંવરબા પરમાર | ૯૮૨૫૯૬૧૨૧૮<br>૯૪૨૭૬૮૬૮૧૮ | શ્રી કનુભાઈ પટેલ (મોડાસા) | ૯૮૨૫૧૫૬૧૦૮ |
| ૨૪. | પાટણ | શ્રી નૌકાબેન પ્રજાપતિ | ૯૪૨૭૦૪૪૮૨૧<br>૯૦૯૯૬૩૦૭૦૦ | શ્રી ગોવિંદભાઈ પટેલ (કલોલ) | ૯૪૨૬૦૫૬૦૯૭ |
| ૨૫. | બનાસકાંઠા | શ્રી નંદાજી ઠાકોર | ૯૮૭૯૦૮૯૫૬૩<br>૯૯૭૮૪૦૭૦૬૩ | | |
| ૨૬. | કચ્છ | શ્રી મહેન્દ્રભાઈ એસ. પટેલ | ૯૯૦૯૬૦૦૦૩૩ | શ્રી હિતેશભાઈ ચૌધરી (બનાસકાંઠા) | ૯૪૨૬૫૬૨૧૮૨ |
| ૨૭. | જામનગર શહેર | શ્રી વિનોદભાઈ ચાવડા | ૯૮૨૫૯૦૫૪૬૭<br>૯૮૨૫૧૦૫૪૬૭ | શ્રી અભયસિંહ ચૌહાણ | ૯૯૨૫૭૦૦૬૦૦ |
| ૨૮. | જામનગર જિ. | શ્રી જયંતિભાઈ કવાડીયા | ૯૯૭૮૪૦૫૯૧૭<br>૯૯૭૯૫૪૪૪૪૧ | શ્રી વંદનાબેન મકવાણા | ૯૪૨૮૮૪૧૫૫૫<br>૯૯૦૯૫૬૮૯૦૯ |
| ૨૯. | દેવભૂમિ દ્વારકા | શ્રી પ્રદિપભાઈ ખીમાણી | ૯૪૨૬૭૧૭૦૦૦ | શ્રીમતી બીનાબેન આચાર્ય | ૯૮૯૮૨૧૧૬૦૬ |
| ૩૦. | રાજકોટ શહેર | શ્રી વિનોદભાઈ ચાવડા | ૯૮૨૫૯૦૫૪૬૭<br>૯૮૨૫૧૦૫૪૬૭ | શ્રી ઝવેરીભાઈ ઠકરાર | ૯૮૨૫૨૩૧૮૪૨ |
| ૩૧. | રાજકોટ જિ. | શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા | ૯૮૨૫૨૨૯૦૦૯ | શ્રીમતી રક્ષાબેન બોળીયા | ૯૦૮૨૯૯૯૯૯૭<br>૯૮૨૪૪૨૫૮૭૫ |
| ૩૨. | મોરબી | શ્રી પ્રકાશભાઈ સોની | ૯૮૨૫૨૧૫૦૯૨ | શ્રી ભાનુભાઈ મેતા | ૯૮૨૫૦૭૮૮૪૦<br>૯૯૯૮૦૭૭૭૭૭ |
| ૩૩. | જુનાગઢ શહેર | શ્રી વિનોદભાઈ ચાવડા | ૯૮૨૫૯૦૫૪૬૭<br>૯૮૨૫૧૦૫૪૬૭ | શ્રી બાબુભાઈ જેબલીયા | ૯૪૨૬૯૪૯૩૦૦ |
| ૩૪. | જુનાગઢ જિ. | શ્રી રમેશભાઈ રૂપાપરા | ૯૮૨૪૦૫૬૫૬૫ | શ્રી ધવલભાઈ દવે | ૯૭૧૨૫૩૪૨૦૦ |
| ૩૫. | ગીર સોમનાથ | શ્રી રઘુભાઈ હુંબલ | ૯૯૦૯૦૪૮૫૮૫<br>૯૯૦૯૦૪૭૫૮૫ | શ્રી મનસુખભાઈ ભુવા | ૯૪૨૭૨૩૦૬૯૩<br>૯૮૭૯૬૨૩૦૦૭ |
| ૩૬. | પોરબંદર | શ્રી મહેશભાઈ કસવાલા | ૯૮૨૪૦૦૮૬૫૫<br>૯૮૨૪૦૦૮૬૭૭ | શ્રી પલ્લવીબેન ઠાકર (જુનાગઢ) | ૯૩૨૭૬૮૨૫૩૯<br>૯૪૦૯૬૬૬૪૩૩ |
| ૩૭. | અમરેલી | ડૉ. ભરતભાઈ બોઘરા | ૯૮૯૮૦૨૧૫૫૫<br>૯૫૮૬૪૦૦૧૦૦ | શ્રી સુરેશભાઈ ગોધાણી | ૯૪૨૬૨૬૧૫૮૦<br>૯૪૨૯૪૦૬૮૦૧ |
| ૩૮. | ભાવનગર શહેર | શ્રી વિનોદભાઈ ચાવડા | ૯૮૨૫૯૦૫૪૬૭<br>૯૮૨૫૧૦૫૪૬૭ | શ્રી કશ્યપભાઈ શુક્લ | ૯૮૨૪૩૦૦૯૯૯ |
| ૩૯. | ભાવનગર જિ. | ડૉ. ભરતભાઈ કાનાબાર | ૯૪૨૬૯૧૪૬૭૭ | શ્રી રેખાબેન ડુંગરાણી | ૯૮૨૪૨૧૮૮૮૦<br>૯૪૨૮૪૯૭૯૦૧ |
| ૪૦. | બોટાદ | શ્રી તુલસીભાઈ એમ. પટેલ | ૯૯૨૫૧૦૦૧૫૦ | શ્રીમતી મંજુલાબેન દેત્રોજા (મોરબી) | ૯૬૦૧૭૨૮૮૦૦<br>૯૮૨૫૨૨૭૧૨૫ |
| ૪૧. | સુરેન્દ્રનગર | શ્રી નીતિનભાઈ ભારદ્વાજ | ૯૮૨૪૦૪૩૦૪૩ | શ્રી નીમુબેન બાંભણીયા | ૯૮૨૫૫૬૬૩૦૨<br>૯૯૦૪૫૬૧૮૪૨ |



## પ્રદેશ મહિલા મોરચાના પ્રદેશ પદાધિકારીશ્રીઓ

| ક્રમ | હોદ્દો | પદાધિકારીશ્રીનું નામ | જિલ્લો/મહાનગર |
|---|---|---|---|
| ૧. | પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી | શ્રીમતી અરૂણાબહેન ચૌધરી | ગાંધીનગર જિ. |
| ૨. | પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી | શ્રીમતી ચંદ્રિકાબહેન લીંબાચીયા | કચ્છ |
| ૩. | પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી | ડૉ. શ્રદ્ધાબહેન રાજપૂત | કર્ણાવતી |
| ૪. | પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી | શ્રીમતી નીમુબહેન બાંભણીયા | ભાવનગર શહેર |
| ૫. | પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી | શ્રીમતી કામિનીબહેન સોની | વડોદરા શહેર |
| ૬. | પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી | શ્રી લીપીબહેન ખંધાર | કર્ણાવતી |
| ૭. | પ્રદેશ મહામંત્રીશ્રી | શ્રીમતી વીણાબહેન પ્રજાપતિ | કર્ણાવતી |
| ૮. | પ્રદેશ મહામંત્રીશ્રી | ડૉ. તૃપ્તિબહેન વ્યાસ | સુરત જિ. |
| ૯. | પ્રદેશ મંત્રીશ્રી | શ્રીમતી શ્રદ્ધાબહેન ઝા | ગાંધીનગર શહેર |
| ૧૦. | પ્રદેશ મંત્રીશ્રી | શ્રીમતી કૈલાશબહેન ગામીત | તાપી |
| ૧૧. | પ્રદેશ મંત્રીશ્રી | શ્રીમતી નીતાબહેન પરમાર | જામનગર |
| ૧૨. | પ્રદેશ મંત્રીશ્રી | શ્રીમતી નીપાબહેન પટેલ | આણંદ |
| ૧૩. | પ્રદેશ મંત્રીશ્રી | શ્રીમતી વૈશાલીબહેન સોરઠિયા | રાજકોટ શહેર |
| ૧૪. | પ્રદેશ મંત્રીશ્રી | શ્રીમતી ભાવનાબહેન ગોંડલિયા | અમરેલી |
| ૧૫. | પ્રદેશ કોષાધ્યક્ષશ્રી | શ્રીમતી પુષ્પાબહેન ઠાકોર | પાટણ |
| ૧૬. | પ્રદેશ કાર્યાલય મંત્રીશ્રી | શ્રીમતી દર્શનાબહેન રાઉજી | કર્ણાવતી |

## પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચાના પ્રદેશ પદાધિકારીશ્રીઓ

| ક્રમ | હોદ્દો | પદાધિકારીશ્રીનું નામ | જિલ્લો/મહાનગર |
|---|---|---|---|
| ૧. | પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી | શ્રી રાજુભાઈ અઘેરા | રાજકોટ શહેર |
| ૨. | પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી | શ્રી જીતુભાઈ મણવર | જુનાગઢ શહેર |
| ૩. | પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી | શ્રી અનીતાબેન પરમાર | ગાંધીનગર શહેર |
| ૪. | પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી | શ્રી વસંતભાઈ પરમાર | વલસાડ |
| ૫. | પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી | શ્રી રમેશભાઈ જાકેસરા | બનાસકાંઠા |
| ૬. | પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી | શ્રી રાકેશભાઈ પરમાર | વડોદરા શહેર |
| ૭. | પ્રદેશ મહામંત્રીશ્રી | શ્રી વિક્રમભાઈ ચૌહાણ | અમદાવાદ જિ. |
| ૮. | પ્રદેશ મહામંત્રીશ્રી | શ્રી ગૌતમભાઈ ગેડીયા | સુરેન્દ્રનગર |
| ૯. | પ્રદેશ મંત્રીશ્રી | શ્રી નરેન્દ્રભાઈ પરમાર | કર્ણાવતી |
| ૧૦. | પ્રદેશ મંત્રીશ્રી | શ્રી અશ્વિનભાઈ સોનેરી | ખેડા |
| ૧૧. | પ્રદેશ મંત્રીશ્રી | શ્રી બાબુભાઈ ચાવડા | જામનગર શહેર |
| ૧૨. | પ્રદેશ મંત્રીશ્રી | શ્રી અનીલભાઈ ગોહેલ | ભાવનગર જિ. |
| ૧૩. | પ્રદેશ મંત્રીશ્રી | શ્રી દિનેશભાઈ રોહિત | ભરૂચ |
| ૧૪. | પ્રદેશ મંત્રીશ્રી | શ્રી નીલેશભાઈ આચાર્ય | ગાંધીનગર જિ. |
| ૧૫. | પ્રદેશ કોષાધ્યક્ષશ્રી | શ્રી ઉમંગભાઈ સરવૈયા | કર્ણાવતી |
| ૧૬. | પ્રદેશ કાર્યાલય મંત્રીશ્રી | શ્રી અરવિંદભાઈ કતપરા | અમદાવાદ જિ. |
| ૧૭. | પ્રદેશ સહ કાર્યાલય મંત્રીશ્રી | શ્રી મૌલિકભાઈ જાદવ | અમદાવાદ જિ. |

# આઝાદીનાં ૭૫ વર્ષ 'અમૃત-મહોત્સવ'



## ગોવિંદરામ વર્મા

ગોવિંદરામ વર્માના પિતા અમૃતસરના પ્રતિષ્ઠિત વેપારી હતા. શંભુનાથ આઝાદની ક્રાંતિકારી પાર્ટીમાં જોડાયા પહેલાં જ ગોવિંદરામનાં લગ્ન થઈગયેલાં. એમનું ગૃહસ્થજીવન સુખમાં વીતતું હતું. મિત્ર રોશનલાલ મહેરાના પગલે તેઓ ક્રાંતિકારી બનેલા. પાર્ટીના તેઓ સંનિષ્ઠ સૈનિક બનીને રહ્યા. પાર્ટી તરફથી સભ્યોને મદ્રાસ મોકલવાનું નક્કી થયું તો ગોવિંદરામે કશા ખચકાટ વગર એ આદેશ શિરોમાન્ય કર્યો. ઘેરથી આવા કામ માટે કઈ રીતે અનુમતિમળી શકે? કોઈને કહ્યા વગર પહેર્યા કપડે નીકળી જવાનો એમણે નિર્ણય કર્યો.રાતના નવ વાગ્યે તેઓ ઘર બહાર નીકળવા ઊભા થયા કે પત્નીએ સ્વાભાવિક પ્રશ્ન કર્યો, 'ક્યાં જાવ છો ?' જવાબમાં ગોવિંદરામ જૂઠું બોલ્યા : 'બજારમાં'. આ સાંભળી પત્નીએ એમને એક કામ સોંપી દીધું : 'પાછા આવો ત્યારે ડેરીએથી દૂધ લેતા આવજો.' ગોવિંદરામ કશું ન બોલી શક્યા. એમના ગળે ડચૂરો બાઝી ગયો હતો. પત્નીને દૂધની રાહ જોતી મૂકી તેઓ મક્કમ મન કરી પાર્ટીના સભ્યો સાથે મદ્રાસ ભણી ચાલી નીકળ્યા. પરંતુ મદ્રાસ આવતાંની સાથે પાર્ટી સામે સમસ્યાઓ ખડી થતી ગઈ. લાહોરમાં એક ક્રાંતિકારી મિત્રને ત્યાં પાંચ હજાર રૂપિયાની થાપણ મૂકીને આવ્યા હતા એ પોલીસની તપાસમાં ગઈ. બે સાથીદારો બેંકની ધાડમાં પકડાયા. રોશનલાલ મહેરા બોમ્બ પરીક્ષણમાં શહીદ થયા. તેને કારણે ક્રાંતિકારી ગતિવિધિની પોલીસની શંકા દૃઢ બની.મદ્રાસમાં વસતા ઉત્તર ભારતના લોકોને ત્યાં જડતી લેવાવા માંડી. એક દિવસ બપોરે અગિયાર વાગ્યે મકાનનું બારણું ખખડ્યું. પોલીસ હોવાની શંકા પડતાં ક્રાંતિકારીઓએ આપત્તિજનક દસ્તાવેજો સળગાવવા માંડ્યા. બહુ વારે બારણું ન ખૂલ્યું એટલે પોલીસે ગોળીબાર શરૂ કર્યો. એના જવાબમાં ક્રાંતિકારીઓએઅંદરથી સામો ગોળીબાર કર્યો. મકાનની દીવાલ ઊંચી અને મજબૂત હોવાથી ક્રાંતિકારીઓને સારું રક્ષણ મળતું હતું. ત્રણ વાગ્યા સુધી આ ઘમસાણ ચાલ્યું. બહાર લોકોની ભીડ ભેગી થઈ ગઈ હતી. ક્રાંતિકારીઓની પિસ્તોલમાં ગોળીઓ ખૂટવા માંડી હતી. સામે પક્ષે પોલીસની મદદમાં અંગ્રેજ બટાલિયન આવી ગઈ. ક્રાંતિકારીઓ પાસે છેલ્લો બોમ્બ બચ્યો હતો એ પોલીસ પર ફેંક્યો. જેના કારણે બહાર ધુમાડાના ગોટેગોટા ઊઠ્યા. આ તકનો લાભ લઈ ક્રાંતિકારીઓએ નાસવા માંડ્યું. એક પોલીસે ગોવિંદરામનો પીછો કર્યો.ગોવિંદરામ એક રસોઈઘરમાં છુપાઈ ગયા. પોલીસ ત્યાં સુધી આવી પહોંચી.બન્ને બાજુથી ગોળીબાર થતાં ગોવિંદરામ ત્યાં જ ફસડાઈ પડ્યા. એ જ હાલતમાં તેમને મદ્રાસની જનરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. ત્યાં એમણે દમ તોડ્યો. ઘરે રાહ જોતી પત્ની માટે તો તેઓ દૂધ ન લઈ જઈ શક્યા,પણ માતૃભૂમિ માટે લોહી જરૂર આપી શક્યા.

REGD. NO. GAMC 563/2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/NG/077/2021-23 VALID UP TO 31-12-2023 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev




# મદમાં છકી જઈને TMCના કાર્યકર્તાઓએ ભાજપાના કાર્યકર્તા ઉપર કરેલા અમાનવીય હુમલા અને અત્યાચારો નિંદનીય - શ્રી સી. આર. પાટીલ

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે દેશમાં ચૂંટણીઓ આવતી અને જતી રહેશે. હાર જીત તો થતી રહેશે પરંતુ પશ્ચિમ બંગાળની ચૂંટણી બાદ તૃણમુલ કોંગ્રેસના કાર્યકર્તાઓએ સમગ્ર રાજ્યમાં ખૂની આતંક મચાવી ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો, ઓફિસો વગેરેની તોડફોડ કરી છે. તૃણમુલ કોંગ્રેસના કાર્યકરો દ્વારા સત્તાના મદમાં આચરેલ આ ખૂની આતંકમાં ભારતીય જનતા પાર્ટીના અસંખ્ય કાર્યકરો અને સામાન્ય નાગરિકોએ પોતાના જીવ ખોયા છે.



શ્રી સી. આર. પાટીલે પશ્ચિમ બંગાળમાં ચાલતા આ ખૂની આતંકને વખોડતા જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં રચાયેલ નવનિયુક્ત સરકાર પ્રદેશમાં શાંતિ અને સલામતી સ્થાપિત કરવા માટે સત્વરે આ ખૂની આતંકને કાબુમાં લેવા કડક કાર્યવાહી કરે અને કેન્દ્ર સરકાર પાસે પશ્ચિમ બંગાળમાં ચાલતા આ ખૂની આતંકને રોકવામાં સરકાર નિષ્ફળ નિવડે તો સત્વરે રાષ્ટ્રપતિ શાસન લગાવવા અંગે માંગણી કરી હતી.

**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.